RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 62* Date: 21.12.2022, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## ચીનમાં ફરી કોરોનાનો ઉપાડો

# મૃતદેહોના અંતિમ સંસ્કાર માટે લાઈન લાગી

## ચીનની ૬૦ ટકા અને વિશ્વની ૧૦ ટકા વસતિ ત્રણ મહિનામાં કોરોનાની ચપેટમાં આવશે, ભારતને વેક્સિનના ત્રણ ડોઝ બચાવશે

બીજીંગ,તા.૨૦

ચીનમાં શુન્ય કોવિડ પોલિસીને હળવી કરતા જ લાખો લોકોન ફરીથી કોરોના સંક્રમિત થવાની અને લાખો લોકોના મોત નિપજવાની આશંકા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કોરોનાથી સંક્રમિત થયેલા લોકોને હોસ્પિટલમાં દાખલ થવા અને મૃતદેહોના અંતિમ સંસ્કાર માટે રાહ જોવી પડે છે. કોરોનાના દર્દીઓ અને મૃતકોની સંખ્યા સતત વધી રહી છે. ચીનમાં આગામી ત્રણ મહિનામાં કોરોનાની નવી લહેરનો ખતરો તોળાઈ રહ્યો છે. ચીનમાં કોરોનાથી ૧૦ લાખથી વધુ લોકોના મોતની આશંકા છે. જેના કારણે સમગ્ર વિશ્વમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઑક્ટોબર સુધી, ચીન તેની શૂન્ય કોવિડ નીતિના આધારે કોરોના સામે યુદ્ધના ધોરણે સામનો કરી રહ્યું હતું, પરંતુ લોકડાઉન વિરુદ્ધ શરૂ થયેલી હિલચાલને પગલે શૂન્ય કોવિડ પોલીસીને હળવી કરીને પ્રતિબંધોમાં રાહત આપવાની ફરજ પડી હતી. ત્યાર બાદથી પરિસ્થિતિ ઝડપથી બગડવા લાગી છે. ત્રણ વર્ષ પહેલા ડિસેમ્બરમાં જ વિશ્વમાં કોરોનાનો પ્રથમ કેસ ચીનમાં જોવા મળ્યો હતો. ત્યારથી ચીન તેની સામે લડી રહ્યુ છે.મહામારી વિશેષજ્ઞ એરિક ફીગેલ ડિંગે એક વીડિયો શેર કરીને ચેતવણી ઉચ્ચારી છે કે ચીનમાં કોરોનાની સ્થિતિ ઝડપથી વણસી રહી છે. સમગ્ર દેશમાં કોરોનાનો ચેપ ઝડપથી પ્રસરી રહ્યો છે. ડીંગ અમેરિકન જાહેર આરોગ્ય ક્ષેત્રના વૈજ્ઞાનિક છે. તેઓ હાલમાં ન્યૂ ઈંગ્લેન્ડ કોમ્પ્લેક્સ સિસ્ટમ્સ ઈન્સ્ટિટ્યૂટમાં કોવિડ ટાસ્ક ફોર્સના વડા પણ છે.રિપોર્ટ્સ અનુસાર ચીન સતત કોરોનાના આંકડા છુપાવી રહ્યું છે. નવેમ્બરના મધ્ય સુધીમાં, સત્તાવાર રીતે કોરોનાથી ૧૧ લોકોના મૃત્યુ થયા હોવાની જાણ કરવામાં આવી છે, જ્યારે ચીનમાં દરરોજ ૧૦,૦૦૦ થી વધુ સંક્રમિત જોવા મળી રહ્યા છે. બીજી તરફ, અંતિમ સંસ્કારના સ્થળો, સ્મશાન અને હોસ્પિટલોના વીડિયો અલગ જ સ્થિતિ દર્શાવી રહ્યું છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે, ચીનમાં હોસ્પિટલો કોરોનાના દર્દીઓથી ઉભરાઈ રહી છે. મૃતદેહના અંતિમ સંસ્કાર માટે લાઈન લાગી રહી છે. કોવિડને કારણે મૃત્યુની સંખ્યા સતત વધી રહી હોવાથી હોસ્પિટલોના શબઘરોમાં સ્ટાફની વધારાની તહેનાતી કરવામાં આવી રહી છે.

કોવિડ નિષ્ણાતોએ એવી ચેતવણી છે કે આગામી ૯૦ દિવસમાં, એટલે કે ત્રણ મહિનામાં ચીનની ૬૦ ટકાથી વધુ વસતિ અને પૃથ્વીની ૧૦ ટકા વસતિ કોરોનાથી સંક્રમિત થવાની આશંકા છે અને લાખો લોકો મૃત્યુ પામશે. કોવિડ - ૧૯ પ્રતિબંધો હળવા કર્યા પછી ચીનમાં કોરોના વાઈરસના કેસોની સંખ્યામાં ભારે વધારો જોવા મળી રહ્યો છે. એપિડેમિયોલોજિસ્ટ અને હેલ્થ ઈકોનોમિસ્ટ એરિક ફેઈગલ-ડિંગે કહ્યું હતું કે ચીનમાં હોસ્પિટલો ખીચોખીચ ભરાઈ ગઈ છે અને આવનારા દિવસો વધારે ભયાનક હશે. અત્યારે પણ સ્મશાનોમાં લાશોના ઢગલા છે. વિશ્વએ ફરી કોવિડનો સામનો કરવા તૈયાર રહેવું પડશે.વોલ સ્ટ્રીટ જર્નલનો અહેવાલ છે કે કોવિડના દર્દીઓ માટે બીજિંગના એક નક્કી કરેલા સ્મશાનમાં હાલના દિવસોમાં લાશોના ઢગલા જોવા મળે છે, કારણ કે વાઈરસ ચીનની રાજધાનીમાં ફેલાયો છે. સ્મશાનની મહિલા કર્મચારીએ કહ્યું હતું કે કોવિડ પછી અમારા પર કામનું ભારણ વધી ગયું છે. ૨૪ કલાક અંતિમસંસ્કાર ચાલે છે. મહિલાના કહેવા મુજબ, સામાન્ય દિવસોમાં રોજ ૩૦થી ૪૦ મૃતદેહો આવે છે પણ હમણાં હમણાં રોજના ૨૦૦થી વધારે મૃતદેહો આવે છે. ફેઇગલ-ડિંગના જણાવ્યા મુજબ, ચાઈનીઝ કોમ્યુનિસ્ટ પાર્ટી (સીસીપી)નું ધ્યેય છે ×જેને પણ ચેપ લાગે છે તેને ચેપ લાગવા દો; જે મરે છે તેને મરવા દો.× અત્યારે ચીનમાં કોવિડ તબાહી મચાવે છે અને હજુ પણ મચાવશે, પણ ત્યાંની સરકારને કાંઈ પડી નથી. ટૂંકમાં, ચીનમાં કોરોના વિસ્ફોટ થયો છે અને આગામી ત્રણ મહિનામાં ચીન લગભગ તબાહ થઈ જશે અને પૃથ્વીની ૧૦ ટકા વસતિ પણ સંક્રમિત થશે. આગામી વર્ષે ૧૦ લાખ લોકોનાં મોત થવાની આશંકા છે.બીજિંગમાં સ્મશાનમાં ૨૪ કલાક અંતિમસંસ્કાર કરવામાં આવે છે. સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે અંતિમસંસ્કાર માટે વેઈટિંગ લિસ્ટ ૨૦૦૦ સુધી પહોંચી ગયું છે.

## વેઇટિંગ લિસ્ટ ૨૦૦૦ સુધી પહોંચી ગયું છે.



## મંત્રીઓ અને સાંસદોને મળનારી રેવડિયા બંધ કરે જનતાની નહીં : આપ સાંસદ રાઘવ ચઢ્ઢા

### દિલ્હીની સરકાર ગત સાત વર્ષોથી જનતાને મુફતમાં વિજળી પાણી અને સારૂ શિક્ષણ અને આરોગ્ય સેવાઓ આપી રહી છે

નવીદિલ્હી,તા.૨૦

આમ આદમી પાર્ટીના રાજયસભા સાંસદ રાઘવ ચઢ્ઢાએ મફત રેવડિયોને લઈ કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા હતાં.તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારને જો આટલી જ મુશ્કેલી છે તો તેણે પહેલા મંત્રીઓ અને સાંસદોને મળનારી મફત રેવડિયોને બંધ કરવી જોઈએ નહીં કે સામાન્ય જનતાની.રાધવે આગળ કહ્યું કે દિલ્હીની કેજરીવાલ સરકારે ગત સાત વર્ષોમાં દિલ્હીની જનતાને મફતમાં વિજળી પાણી અને સારૂ શિક્ષણ અને આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવ્યા બાદ પણ રાજયના બજેટને અનેક ગણુ વધારી બતાવ્યું છે.આથી સ્પષ્ટ થાય છે કે સરકાર ઈચ્છે તો તે જનતાને માળખાકીય સુવિધાઓ મફતમાં ઉપલબ્ધ કરાવી શકે છે



રાધવે કહ્યું કે આજે દરેક મંત્રીને ત્રણથી ચાર હજાર યુનિટ સુધી મફતમાં વિજળી મળે છે આ ઉપરાંત તેમને મફત હવાઈ યાત્રા અને ત્યાં સુધી કે પેટ્રોલના પૈસા પણ મળે છે.

જયારે ભાજપી આ નેતાઓને આ બધુ મફત આપે છે તો તેમને આ મફત રેવડિયા લાગતી નથી જયારે આમ આદમી પાર્ટી જો સામાન્ય જનતાને ૩૦૦ યુનિટ વિજળી મફત આપે મફતમાં પાણી આપે અને સારૂ શિક્ષણ અને આરોગ્ય વ્યવસ્થા ઉપલબ્ધ કરાવે તો આ બધુ તેને મફતની રેવડી લાગી રહી છે હું આજે ભાજપને પડકાર આપુ છું કે તે પહેલા મંત્રી અને સાંસદોને મળનારી મફતની રેવડીઓને બંધ કરે

આપ સાંસદે કહ્યું કે આમ આદમી પાર્ટીએ જયારે ૨૦૨૨ની પંજાબ ચુંટણી લડી તો કેજરીવાલે ગેરંટી પર લડી અને જીતી હતી અને આજે પંજાબમાં મફત વિજળી પાણી અને શિક્ષણ મળી રહ્યું છે. તેમણે કહ્યું કે હું આજે વિરોધ પક્ષને કહેવા માંગુ છું કે જો કોઈ અમારા કામથી સંબંધિત વાત કરવી છે કોઈ કટાક્ષ કરવો છે કોઈ કમી કાઢવી છે તો કાઢો પરંતુ વ્યક્તિગત હુમલો કરી જુદ્ધાણુ ફેલાવવાની જરૂરત નથી બે ભાઈઓમાં (ભગવંત માન - રાધવ ચઢ્ઢા ) ખુબ પ્રેમ છે.તેમાં નાખવાનો પ્રયાસ ન કરો આ પહેલા પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અમરિંદર સિંહે કહ્યું હતું કે એ બતાવો કે આ (સરકાર) કોણ ચલાવી રહ્યું છે પંજાબમાં ભગવંત માન મુખ્યમંત્રી છે કે રાધવ મુખ્યમંત્રી છે.અમને અધિકારીઓથી માહિતી મળી રહી છે કે તમામ ફાઈલો રાધવ ચઢ્ઢા તપાસી રહ્યાં છે તે ફકત ભગવંત માનને સહી કરવા માટે મોકલી છે પહેલીવાર હિન્દુસ્તાનમાં કોઈ આવી વાત થઈ છે

રાધવે કહ્યું હતું હું પંજાબના વિરોધ પક્ષના નેતાઓને કહેવા માંગુ છું કે થોડીક સકારાત્મક વાત કરો પંજાબના લોકોએ તમને લોકોને એટલા નકારી દીધા છે તમે દરેક વખતે નકારાત્મક વાત કરો છો.

સકારાત્મક વાત કરો પંજાબની વાત કરો પંજાબના લોકોથી જોડાયેલ વાત કરો પરંતુ વ્યક્તિગત હુમલા કરવાની જરૂરત નથી અંગ્રેજોની જેમ ડિવાઈડ એન્ડ રૂલની પોલિટિકસ કરવાનું બંધ કરવું જોઈએ.

## અટલ બિહારી બાજપાઈ,અરૂણ જેટલી અને અમર્ત્ય સેનના નામ પર ડીયુની નવી કોલેજ અને સેંટર્સ હશે

નવીદિલ્હી,તા.૨૦

દિલ્હી વિશ્વ વિદ્યાલયની કેટલીક કોલેજો અને કેન્દ્રોના નામકરણની સંભાવના છે આ કોલેજો અને કેન્દ્રોના નામ પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈ,અરૂણ જેટલી,અમર્ત્ય સેન અને સાવિત્રી બાઈ ફુલે પર રાખવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે અને તેના પર ચર્ચા પણ કરવામાં આવી છે.દિલ્હી વિશ્વ વિદ્યાલયની કાર્યકારી પરિષદે ગત વર્ષ એક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો કે આગામી કોલેજો અને કેન્દ્રોનું નામ સ્વામી વિવેકાનંદ,સુષ્મા સ્વરાજ વી ડી સાવરકર અને સરદાર વલ્લભભાઈ પટેલના નામ રાખવામાં આવે તેવી સંભાવના છે.

શિક્ષણ મંત્રાલયે અન્ય નામોના પણ સુચન આપ્યા છે પરિષદે અટલ બિહારી બાજપાઈ,સાવિત્રી બાઈ ફુલે અરૂણ જેટલી ચૌધરી બ્રહ્મ પ્રકાશ સી ડી દેશમુખ અને અમર્ત્ય સેનના નામના સુચન આપ્યા જયારે કુલપતિને નામને અંતિમ રૂપ આપવા માટે અધિકૃત કરવામાં આવશે.કેરલના કોંગ્રેસના સાંસદ કોડિકુન્નિલ સુરેશે આ નિર્ણય પર લોકસભામાં એક સવાલ ઉઠાવ્યો હતો જેમાં પુછવામાં આવ્યું હતું કે શું સરકાર પ્રતિસ્પર્ધી વિરાસતવાળા વ્યક્તિઓના નામ પર કોલેજોના નામકરણની નીતિ પર ફરીથી વિચાર કરવાનો પ્રસ્તાવ રાખે છે.

મંત્રાલયે સુરેશ દ્વારા પુછવામાં આવેલ સવાલનો જવાબ આપતા કહ્યું કે ડીયુ પોતાના બંધારણીય એકમની મંજુરીની સાથે તમામ શૈક્ષણિક અને પ્રશાસનિક નિર્ણય લેવામાં સક્ષમ છે.દિલ્હી વિશ્વ વિદ્યાલય નવા કોલેજ શરૂ કરવાની દિશામાં પહેલા પગલાના રૂપમાં દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર એનસીઆરના દુર દુરના વિસ્તારોમાં રહેનાર છાત્રોની જરૂરતો અને આવશ્યકતાઓને પુરી કરવા માટે બે સુવિધા કેન્દ્ર સ્થાપિત કરવા પર કામ કરી રહ્યું છે.નઝફગઢ અને ફતેહપુર બેરીમાં ડીયુને ફાળવણી ભૂમિના ભુખંડો પર બે કેન્દ્ર સ્થાપિત કરવાનો પ્રસ્તાવ છે.

## આપણા દેશના વડાપ્રધાનની બાબતે કોઈ ઈન્ય દેશના નેતાની આ પ્રકારની ભાષાનો ઉપયોગ સહન કરીશું નહીં : મુખ્યમંત્રી ભુપેશ બધેલ

તા.૨૦

છત્તીસગઢના મુખ્યમંત્રી ભુપેશ બધેલે પાકિસ્તાનના વિદેશ મંત્રી બિલાવર ભુટ્ટો જરદારીના નિવેદનની સખ્ત ટીકા કરી છે.

તેમણે કહ્યું કે પીએમ નરેન્દ્ર મોદી પર આ રીતના નિવેદન સહન કરવામાં આવશે નહીં તેમણે કહ્યું કે અમે વડાપ્રધાનની સાથે છીએ

ભુપેશ બધેલે કહ્યું કે હું બિલાવલ ભુટ્ટોના નિવેદનની ટીકા કરૂ છું પીએમની બાબતમાં આ પ્રકારના નિવેદન સહન કરાશે નહીં તેનો જોરદાર જવાબ આપવો જોઈએ આપણા દેશના પીએમની બાબતમાં કોઈ અન્ય દેશના નેતા આ પ્રકારની ભાષાનો પ્રયોગ કેવી રીતે કરી શકે છે.

અમે વડાપ્રધાનની સાથે ઉભા છીએ

બિલાવલ ભુટ્ટોએ પ્રધાનમંત્રી મોદી પર નિવેદનથી દેશમાં વિવાદ મચ્યો છે વિરોધ પક્ષ પણ તેના આ નિવેદનની કડક ટીકા કરી રહ્યાં છે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અભિષેક મનુ સિંઘવીએ પણ પાક વિદેશ મંત્રીને સલાહ આપી છે કે તમારા માટે એ સારૂ રહેશે કે તમે તમારા દેશનું આત્મનિરિત્રાણ કરે તેમણે કહ્યું કે બિલાવલને બેનજીર ભુટ્ટો સહિત હજારો પાકિસ્તાની નાગરિકોની હત્યાના કારણો પર ધ્યાન આપવું જોઈએ

સિંઘવીએ પાકિસ્તાનના વધતા દેવા,આર્થિક સંકટ અને આતંકવાદનો ઉલ્લેખ કરતા બિલાવલને આ મુદ્દા પર ધ્યાન આપવાની સલાહ આપી છે.

તેમણે ટ્વીટ કરી રહ્યું કે બિલાવલ ભુટ્ટોએ એક વિદેશ મંત્રીની જેમ બોલ્યા નથી તેમને સાંભળી એવું લાગ્યું કે કોઈ દુષ્પ્રચાર કરનારક બોલી રહ્યાં હોય.

## કાશ્મીરમાં આતંકની કરોડરજ્જુ પર પ્રહાર, રૂ. ૨૦૦ કરોડની સંપત્તિ જપ્ત

શ્રીનગર,તા.૨૦

જમ્મુ-કાશ્મીરમાં આતંકી સંગઠનોની કરોડરજ્જુ ભાંગી નાખવા માટે રાજયની તપાસ એજન્સી(એસઆઈએ)એ મોટી કાર્યવાહી કરી. પ્રતિબંધિત સંગઠન જમાત-એ-ઈસ્લામી જ ખીણમાં ભાગલાવાદીઓની આર્થિક મદદ કરે છે. એસઆઈએ દ્વારા જમાત-એ-ઈસ્લામીની ૧૦૦ કરોડની સંપત્તિ જપ્ત કરી લેવાઈ હતી. એસઆઈએના પ્રવક્તાએ કહ્યું કે આ કાર્યવાહી ગાંદરબલ, બાંદીપોરા, કુપવાડા અને બારામુલ્લા જિલ્લામાં કરાઈ હતી. અત્યાર સુધી ૨૦૦ કરોડ રૂ.ની સંપત્તિ જપ્ત કરી લેવાઈ છે એસઆઈએના અધિકારીઓએ કહ્યું કે સુરક્ષા એજન્સીઓએ આશરે ૧૮૮ સંપત્તિઓની યાદી બનાવી છે. તેની બજારકિંમત ૧૦૦૦ કરોડની આજુબાજુ છે.નિષ્ણાતો કહે છે કે તમામ સંપત્તિઓ સીલ કરી દેવાશે અને બેક્ર ખાતાંને વેરિફાઈ કરાયા બાદ ફ્રીઝ કરી લેવાશે. કાશ્મીરમાં અત્યંત ઝડપી કાર્યવાહી થઈ રહી છે. આ નક્કીરૂપે ખીણમાં ભાગલાવાદ માટે સૌથી મોટો આંચકો છે. જમાતે ગત ૩૦ વર્ષમાં ખીણમાં તેનું વિશાળ સામ્રાજ્ય ઊભું કર્યું છે. તેમાં જમીન, શોપિંગ મોલ અને સ્કૂલ સહિત મોટી સંખ્યામાં સ્થાઈ સંપત્તિઓ સામેલ છે.

કાશ્મીરના ડોડામાં અધિકારીઓએ લશ્કર-એ-તોઈબાના ફરાર કમાન્ડર અબ્દુલ રાશિદ ઉર્ફે જહાંગીરની સંપત્તિ જપ્ત કરી લીધી. અબ્દુલ હાલ સરહદ પારથી કામ કરી રહ્યો છે અને આતંકવાદને ફરી પગભર કરવાના પ્રયાસ કરી રહ્યો છે. તેની ડોડા જિલ્લાના થાથરીના ખાનપુરા ગામમાં ચાર કનાલથી વધુ જમીન છે જેના પર મેજિસ્ટ્રેટના નિર્દેશ પછી કાર્યવાહી કરાઈ હતી. પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ અબ્દુલ કય્યૂમે કહ્યું કે એ બધા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરાશે જે પાક.થી ઓપરેટ કરી રહ્યા છે. તે સોશિયલ મીડિયા દ્વારા યુવાઓને ભડકાવવા પ્રયાસ કરી રહ્યા છે.સરકાર દ્વારા પ્રતિબંધિત જમાત-એ-ઈસ્લામી માત્ર કાશ્મીરમાં જ ૩૦૦થી વધુ સ્કૂલો ચલાવતી હતી. હવે તેના પર પ્રતિબંધ મૂકી દેવાયો છે. સુરક્ષા અધિકારીઓને આશંકા હતી કે અહીં ભણતાં વિદ્યાર્થીઓને આતંકવાદ કે ભાગલાવાદ તરફ ધકેલાઈ શકે છે.ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં ચકલુ ગામમાંથી પોલીસ અને સૈન્યના સંયુક્ત અભિયાનમાં લશ્કર-એ-તોઈબાના આતંકી મોહમ્મદ ઈશાક લોનની ધરપકડ કરાઈ હતી. તેના પર આતંકવાદીઓની મદદ કરવાનો આરોપ હતો. તેની પાસેથી એક આઈઈડી,એક પિસ્તોલ, એક પિસ્તોલ મેગઝિન, ૧૮ પિસ્તોલ રાઉન્ડ અને ૮ મીટર લાંબો વીજળીનો વાયર મળી આવ્યો હતો. બારામુલ્લા પોલીસે યુએપીએ, વિસ્ફોટક પદાર્થ એક્ટ અને આર્મ્સ એક્ટની સંબંધિત કલમો હેઠળ એફઆઈઆર નોંધી કાર્યવાહી શરૂ કરી હતી.

## તંત્રી સ્થાનેથી...

# સેના પર રાજકારણ

*તવાંગમાં ચીની સૈનિક સાથે ભારતીય સૈનિકોની થયેલી અથડામણ મુદ્દે રાહુલ ગાંધીના નિવેદન પર ભાજપની આકરી પ્રતિક્રિયા પર આશ્ચર્ય નહીં. આવી પ્રતિક્રિયા થવાની જ હતી, કારણ કે મોદી સરકાર પર નિશાનો સાધવાના ચક્કરમાં રાહુલ ગાંધીએ ભારતીય સેનાની ક્ષમતા પર જ સવાલ ઊભા કરી દીધા. આખો દેશ અને ત્યાં સુધી કે ચીન પણ જાણે છે કે તવાંગમાં ભારતીય સૈનિકોએ તેના સૈનિકોને ખદેડી મૂક્યા, પરંતુ ખબર નહીં કઈ રીતે રાહુલ ગાંધીને એવું લાગ્યું કે આપણા સૈનિકો ચીની સૈનિકોના હાથે માર ખાઈ રહ્યા છે. આ તો તથ્યોની જાણીજોઈને કરવામાં આવેલી અવગણના છે, સાથે જ સેનાનો અનાદર પણ છે. વાસ્તવમાં આ બિનજરૂરી ટિપ્પણી સેનાનું મનોબળ તોડનારી પણ છે. કદાચ આ જ કારણ રહ્યું કે રાહુલ ગાંધીના નિવેદન પર રક્ષા મત્રી રાજનાથ સિંહની સાથે અન્ય કેન્દ્રીય મંત્રીઓએ પણ વાંધો વ્યક્ત કર્યો. સમજવું મુશ્કેલ છે કે ચીન બાબતે રાહુલ ગાંધી રહી રહીને આવાં નિવેદન કેમ આપતા રહે છે, જે ચીનને જ વધુ માફક આવે તેવાં હોય છે? ગલવાન ઘાટીમાં લોહિયાળ અથડામણ બાદ પણ તેમનાં વક્તવ્ય સરકારને જ ભાંડનારાં વધુ હતાં. તેની પણ અવગણના ન કરી શકાય કે જ્યારે ડોકલામમાં ચીની સેના સાથે ગતિરોધ ચાલુ હતો, ત્યારે તેઓ વિદેશ મંત્રાલયને જણાવ્યા વિના જ ચીની રાજદૂત સાથે ગુપ્ત મુલાકાત કરી આવ્યા હતા. એટલું જ નહીં, તેમણે આ મુલાકાતને છૂપી રાખવાની ભરપૂર કોશિશો કરી હતી. એ પણ કોઈથી છૂપું નથી કે કાશ્મીર મામલે રાહુલ ગાંધીનાં કેટલાંય નિવેદન એવાં છે, જેનો ઉપયોગ પાકિસ્તાને પોતાને સાચા સાબિત કરવા માટે કર્યો છે.*

*મુખ્ય વિપક્ષી રાજકીય પક્ષના નેતા હોવાના નાતે રાહુલ ગાંધી કોઈપણ મુદ્દે સરકારનો વિરોધ કરવા, તેને કઠેરામાં ઊભી કરવા અને તેને સવાલ કરવાનો અધિકાર ધરાવે છે, પરંતુ તેમણે સરકાર વિરુદ્ધ બોલવા અને રાષ્ટ્રીય હિતોને આઘાત પહોંચાડનારાં પોતાનાં નિવેદનો વચ્ચે અંતર કરવું જ પડશે. એટલા માટે, કારણ કે તે મોટાભાગે આ અંતરની અવગણના કરતા જ દેખાય છે. દાખલા તરીકે આ વખતે તેમણે સેનાના શૌર્ય વિરુદ્ધ જ નિવેદન આપી દીધું. શું આ એવું નિવેદન નથી, જેને ચીન પોતાના પક્ષમાં ઉપયોગ કરી શકે છે? એ સમજી શકાય છે કે ચીન સાથે ચાલતી તનાતનીને લઈને રાહુલ ગાંધી સરકારને સવાલ પૂછે અને જવાબ નહિ મળવાની સ્થિતિમાં તેને કઠેરામાં ઊભી કરે, પરંતુ તેનો કોઈ મતલબ નહીં કે તે એવાં નિવેદનો આપતા ફરે, જેવાં તો ચીન પણ નથી આપતું! જો ભારત જોડો યાત્રાનું નેતૃત્વ કરી રહેલા રાહુલ ગાંધી ભારતની રક્ષા કરી રહેલા સેનાના જવાનો વિશે એમ કહે કે તેઓ ચીની સેનાના હાથે માર ખાઈ રહ્યા છે, તો તેનો વિરોધ તો થશે જ, કારણ કે આ કોઈપણ દૃષ્ટિએ એક અરુચિકર અને અપ્રિય નિવેદન છે.*

# પ્રતિ કિસાન પરિવારની સરેરાશ માસિક આવકના મામલામાં પંજાબ દેશમાં બીજા સ્થાને

## પ્રતિ કૃષિ પરિવાર સરેરાશ માસિક આવક (૨૯,૩૪૮ રૂપિયા)ની સાથે મેઘાલય દેશભરમાં ટોચ પર છે.

ચંડીગઢ,તા.૨૦

પ્રતિ કિસાન પરિવારની સરેરાશ માસિક આવકના મામલામાં પંજાબ દેશમાં બીજા સ્થાન પર છે.રાજયભાના ચાલી રહેલ સત્રમાં કેન્દ્રીય કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલા આંકડામાં આ તથ્ય સામે આવ્યું છે.મંત્રી નરેન્દ્ર સિંહ તોમર આમ આદમી પાર્ટીના રાજયસભા સાંસદ સંજીવ અરોડાના સવાલનો જવાબ આપી રહ્યાં હતાં.

જાણકારી અનુસાર પ્રતિ કૃષિ પરિવાર સરેરાશ માસિક આવક ( ૨૯,૩૪૮ રૂપિયા)ની સાથે મેઘાલય દેશભરમાં ટોચ પર છે. બીજા નંબર પર પંજાબ (૨૬,૭૦૧ રૂપિયા) ત્યારબાદ હરિયાણા(૨૨,૮૪૧ રૂપિયા),અરૂણાચલ પ્રદેશ (૧૯,૨૨૫ રૂપિયા),જમ્મુ અને કાશ્મીર(૧૮,૯૧૮ રૂપિયા),કેન્દ્ર શાસિત પ્રદેશોના સમૂહ (૧૮,૫૧૧ રૂપિયા),મિઝોરમ (૧૭,૯૬૪ રૂપિયા) કેરલ (૧૭,૯૧૫) પૂર્વોત્તર રાજયોનું સમૂહ (૧૬,૮૬૩ રૂપિયા),ઉત્તરાખંડ (૧૩,૫૫૨ રૂપિયા),કર્ણાટક (૧૩,૪૪૧ રૂપિયા),ગુજરાત (૧૨,૬૩૧ રૂપિયા) રાજસ્થાન(૧૨,૫૨૦ રૂપિયા) સિક્કીમ (૧૨,૪૪૭ રૂપિયા) અને હિમાચલ પ્રદેશ (૧૨,૧૫૩ રૂપિયા છે),

અરોડાએ મીડિયા સાથે વાતચીત કરતા કહ્યું કે જો આપણે રોકડ પાકો પર વધુ નિર્ભર રાજયો પર વિચાર કરીએ છીએ તો પંજાબ મેઘાલયની સાથે બાગવાની અને ફળોના મુખ્ય હિસ્સાની સાથે પહેલા સ્થાન પર રહીશું પંજાબમાં ઉત્પાદિત મુખ્ય પાકોમાં ચોખા ધઉ મકાઇ બાજરો,શેરડી તલ અને કપાસ સામેલ છે પરંતુ ચોખા અને ધઉ કુલ સકલ પાક વિસ્તારનો ૮૦ ટકા હિસ્સો છે અરોડાએ કહ્યું કે મુખ્યમંત્રી ભગવંત માન રાજયમાં કિસાનોની સ્થિતિને વધુ સારી બનાવવા માટે હરસંભવ પ્રયાસ કરી રહ્યાં છે.ઉદાહરણ આપતા કહ્યું કે તેમણે કહ્યું કે ઓકટોબરમાં મુખ્યમંત્રીએ શેરીના મૂલ્ય ૩૬ રૂપિયા પ્રતિ કિવંટલથી વધારી ૩૮૦ રૂપિયા પ્રતિ કિવંટલ કરવાની જાહેરાત કરી હતી આવું કિસાનોની આવક વધારવાના હેતુથી કરવામાં આવ્યું હતું. પંજાબમાં હાલ ૧.૨૫ લાખ હેકટરમાં શેરડીની ખેતી થાય છે.સાંસદે કહ્યું કે મુખ્યમંત્રીએ પાકોના ન્યુનતમ સમર્થન મૂલ્ય (એમએસપી)ને કાનુની ગેરંટી આપવાનું આશ્વાસન આપ્યું છે.

**જોઇ જો**

**અંધારી ટનલ પૂરી થવામાં છે,**
**અરે,જરા પડખું ફરીને જોઇ જો.**
**સુખનું પાકું ફળ ટપકવાનું છે,**
**અરે જરા ખોબો ધરીને જોઇ જો.**
**તસતસતું ચુંબન પ્રતીક્ષારત છે,**
**અરે જરા મુખડું ધરીને જોઇ જો!**
**ભૈ વેરના વાવેતર થયા છે ખરા?**
**અરે જરા ખાંડું મ્યાન કરીને જોઇ જો.**
**ખેતરે કર્મોનો પાક લહેરાઇ રહ્યો છે**
**અરે જરા દાતરડું ચલાવીને જોઇ જો**

**ભરત વૈષ્ણવ**
**૨૦.૧૨.૨૦૨૨.**

# શિક્ષક ગેંગ ???

આજે રાજુ રદીનો પુણ્ય પ્રકોપ સાતમા આસમાને હતો. તે ગુસ્સામાં હાથ તલવારની જેમ વીંઝતો હતો. બળદની જેમ તેના નાકના ફોયણા ફૂલી ગયા હતા. ગાય જેમ પગની ખરીથી જમીન પર પ્રહાર કરે તેમ રાજુ પગ પછાડતો હતો. તેની આંખમાં ગુસ્સાનો જનાળામુખી ભભૂકતો હતો.

મેં તેને ફ્રિઝના ઠંડા પાણીનો બાટલો આપ્યો.તેણે પાણી પીધું.

"રાજુ. આજે કેમ રાઉજ થયો છે? "

"ગિરધરભાઇ . ખાસ કંઇ નહીં . સમાજનો એક વર્ગ શિક્ષક વિરોધી થઇ ગયો છે. આજનું છાપું જોયું?" રાજુએ મને પૂછયું.

" કેમ? શું થયું જો બાઇડન અને કમલા હેરિસ પતિ-પત્નીની જેમ બાઝી પડયા?"મેં પૂછયું

"એવી વાત નથી" રાજુનો જવાબ.

"ટીટીપી સાથે ઈમરાન સરકારે સંધિ ટીટીપીએ તોડી નાંખી" મેં પાછું પૂછયું.

"ના ભાઇ ના" રાજુ ગુસ્સે થઇ ગયો.

"એમએસપીનો કાયદો સંસદમાં પસાર થઇ ગયો" મેં સવાલ દોહરાવ્યો.

" શહનાઝ સંધું મિસ યુનિવર્સ થઇ" મેં આખરી ગોળો પણ ફોડી નાંખ્યો

"ના, રે ના!!" રાજુએ નકારથી કામ ચલાવ્યું

" તારે જે કંઇ કહેવાનું હોય તે કહી નાંખ!" મેં રાજુને વોર્નિંગ આપી.

" ગિરધરભાઇ. આજના પેપરમાં જે સમાચાર આવ્યા છે તે કુઠુરાઘાત આપે તેવા છે. દેશના ભવિષ્યને વર્ગખંડમાં આકાર આપવાની ભગીરથ કામગીરી કરનાર ઋષિતુલ્ય શિક્ષકદેવ ભવોનો શતમુખ વિનિપાત. અબ્રમણ્યમ. કાનનો દોષ છે. સરકારી શાળાનો શિક્ષક પરમ સન્માનીય દાઇદભાઇ ઈબ્રાહીમની ડી ગેંગની જેમ શિક્ષક ગેંગ ચલાવે . કેટલું શરમજનક!!" રાજુએ શરમથી માથું ઝુકાવ્યું.

" રાજુ ગુરૂ દ્રોણાચાર્ય બાયજુ કે કોઇ ટયુશન કલાસમાં દ્રોણાચાર્ય સર બનીને વધારાની આવક મેળવતા ન હોય, સ્કૂલની ખરીદીમાં ટકાવારી મેળવતા ન હોય કે મધ્યાહ્ન ભોજન સંચાલક પાસેથી ગોટાળા રકમ મેળવતા ન હોય તેમના પુત્ર માટે દૂધ જેવા દૂધની વ્યવસ્થા કરી શકતાન હોય પાણીમાં લોટ નાંખી દૂધાભાસ કરાવતા હતા. ગુરૂઓ આવા પુણ્યશ્લોક અને પ્રાતઃસ્મરણીય ગણાય. જે ભગવાન કરતાં પણ અધિક આદરના અધિકારી રહે છે" મેં રાજુને શિક્ષકનું માહાત્મ્ય સમજાવ્યું.

ગિરધરભાઇ. શિક્ષક ગામમાં ન રહે તે ચાલે, ભણાવે નહીં તે ચાલે,જીન્સ ટીશર્ટ પહેરે તે ચાલે, ફ્રેન્ચ લીવ-ગાપચી મારે તે ચાલે, શિક્ષિકા કે વિધાર્થીની પટાવે તે ચાલે, તમાકુ-મસાલા-બીડી સિગારેટનું સેવન કરે તે ચાલે, વ્યાજ વટાવ કરે તે ચાલે, ટયુશન કરે તે ચાલે , શિક્ષણસંઘમાં નેતાગીરી કરે તે ચાલે, પંચાયતથી લઇને સંસદની ચૂંટણી લડે તે ચાલે,કાલાકપાસનો ધંધો કરે તે ચાલે, છોકરાને ભણાવવાના બદલે ગ્લોસી કાગળો પર વિગતો ઉભી કરી શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવે તે ચાલે, ખેતીની બિનખેતીની મંજૂરીના કઠલા કરે તો ચાલે, લેન્ડ ગ્રેબિંગ કરે તે ચાલે, પણ અસંગઠિત ગુનાખોરી માટે ગેંગ ચલાવે તે કેમ ચાલે??રાજુએ સવાલો મારો ચલાવ્યો .

"રાજુ. ઉજાલા સર્કલ પર શિક્ષક સંજય ભરવાડની ગેંગ જતાં-આવતા વાહનો પાસેથી ટુ વ્હીલર/ ફોર વ્હીલરના પંકતિભેદ સિવાય સમાનતાના ધોરણે સો રૂપિયા ઉઘરાવી ખાતા હતા.

એક દિવસનો નકરો વકરો લાખ રૂપિયા હતો. વરસના ત્રણસો પાંસઠ લાખ ઉઘરાવતા હતા. કોઇ પણ પ્રકારના મૂડીરોકાણ વિના વકરો એટલો નફો.તેના પર આવકવેરો, મિલકતવેરો,કોર્પોરેટવેરો, કેપિટલગેઇન ટેકસ,જીએસટી, ગટરવેરો , પાણીવેરો ભરવાનો નહીં.આટલી અધધધ આવક તો ચેતન બેટરી ગેંગ કે ફ્રેકચર ગેંગની નહીં હોય. દાઉદની ડી ગેંગ,બેટરી ગેંગ કે ફ્રેકચર ગેંગને જોખમ કેટલું? આમને કાણી પાઇનું જોખમ નહીં!! કોઇ પાસેથી પરવાનો કે મંજૂરી લેવાની નહીં. પોલીસની ટ્રાફિક બ્રાંચનું ભારણ ઘટ્યું. અલબત, થોડા ઉઘરાણાના રૂપિયા ઘટ્યા.માયામાંથી છૂટ્યા! ત્યાગીને ભોગવવાનો મોકો મળ્યો!!" મેં વિસ્તારથી ખંડણી યોજના પર હેલોજન દેખાડી!!

" ગિરધરભાઇ. હાસ્ય કાર વિઝનરી વ્યકિત વિશેષ હોય છે તે પુરવાર થયું."રાજુએ કહ્યું.

"કેવી કેવી રીતે રાજુ?" મેં અધીરાઈથી પૂછયું.

" જાણીતા હાસ્ય કલાકાર અને પદ્મશ્રી શાહબુદીનભાઇ રાઠોડ સાહેબે હળવી શૈલીમાં શિક્ષકોના બહારવટિયાની વ્યંગકથાથી આપણને ખડખડાટ હસાવ્યા છે. તેમની કલ્પના આટલા વરસે મૂર્તિમંત થઇ છે!! " રાજુએ હરખ વ્યક્ત કર્યો!

" હમમમ" મેં પ્રતિભાવ આપ્યો.

" ગિરધરભાઇ. આવું સરસ કામ કરનારને બિરદાવવાના બદલે માસ્તર તેમ જ સાથીદારોને પોલીસ પકડી ગઇ.કૃતજ્ઞતાનો બદલો કૃતઘ્નતાથી ચુકવાયો. કીડીને કોશનો ડામ આને જ કહેવાય, બોસસ!!સરકાર ટેકસ વધારે તો ખંડણી વધારી ન કહેવાય? ટોલ રોડ પર ઉઘરાવવામાં આવતો ટોલટેકસ અને દર વરસે કરાતો વધારો ખંડણી નથી તો શું છે? ગોરધન પાસેથી દર મહિને પગારની પૂરી રકમ પત્ની પઠાણીઢબે છીનવી લે તે શું છે? યસ, માય ડિયર વાંચક તે નિશ્ચિંતપણે શતપ્રતિશત ખંડણી છે" રાજુએ ખંડણીને ખાંડણીમાં ખાંડી !!!!

" રાજુ ગોકુળમાં કાનજી માખણ ઉઘરાવતા એને ઇન્ડિયન પિનલ કોડ કે ક્રિમિનલ પ્રોસિજર કોડ મુજબ ખંડણી? કહેવાય કે નહીં???"

"એ તો કંસરાજા જાણે!!!" એમ સ્વગત કહી રાજુ રદી મુઠીઓ વાળીને તેના ઘર તરફ ભાગ્યો!!

ભરત વૈષ્ણવ
૨૦.૧૨.૨૦૨૧.#
હાસ્ય

# પ્રાર્થનાની શક્તિ- નારદીબહેન પારેખ/

પ્ર અર્થ ના=પ્રાર્થના, એટલે કે જેનો પહેલેથી કોઈ અર્થ નથી કાઢેલો તે પ્રાર્થના. સંજોગો અનુસાર અંતરમાંથી અંતર્યામી તરફ નીકળતાં સહજ ઉદ્ગારો જ ખરી પ્રાર્થના બની શકે, બાકી બધી તો શબ્દોની ગોઠવણ છે. દીકરીને વળાવતી વખતે પિતાની 'હે ભગવાન એનું હેવાતન અખંડ રાખજે, સદાય સુખી રાખજે' જેવાં ઉદ્ગારો સહજ છે તેમાં શબ્દો ગોઠવવાં પડતાં નથી. પ્રાર્થના તો અંતર્યામી સાથે જોડતો પુલ છે, સંકટ સમયની સાંકળ છે. તેની શરત શબ્દો નહીં, પરંતુ સાચી શ્રદ્ધા અને હૃદયનો ભાવ છે.

'હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે..' ગાનાર નરસિંહ મહેતાનાં કેટલાંયે કામ હરિ કરી ગયો છે. એ છે શ્રદ્ધાની તાકાત. પ્રાર્થનાનું બળ .જેનાં બળે મીરાંએ ઝેરનો પ્યાલો ગટગટાવેલો. આજ સુધી જેટલાં સંતો, ભક્તો અને જ્ઞાની આત્માઓ થયાં છે, સર્વે પ્રાર્થનાની સીડી ચઢીને આત્માનો ઉદ્ધાર કરી ગયાં છે.




પૂજય ગાંધીબાપુએ પ્રાર્થનાને પોતાનાં આશ્રમમાં અને જીવનમાં મુખ્ય સ્થાન આપ્યું હતું. પૂજય મોટા કહેતાં ,'જીવન વિકાસની સાધનામાં હૃદયથી કરાયેલી પ્રાર્થના ઘણો મોટો ભાગ ભજવે છે .' આત્મવિકાસમાં પ્રાર્થનાનો ફાળો બહુ મોટો છે. કોઈ પણ ક્ષેત્ર હોય તેમાં આત્મવિશ્વાસ અડગ હોય તો ફક્ત પ્રાર્થનાનાં આલંબન વડે જ ફતેહ મેળવી શકાય છે. મન ઉપર જીત મેળવનાર જ મહાવીર બની શકે છે. રામકૃષ્ણ પરમહંસ કહેતાં 'મન, અંતર એક કરીને કોઈ વસ્તુ માટે પ્રાર્થના કરવામાં આવે તો જરૂર સફળ થાય છે.' શ્રદ્ધા કે ભક્તિનો વિષય બાજુ મૂકી મનોવૈજ્ઞાનિક રીતે પણ જો વિચારીએ તો, કોઈપણ વ્યક્તિ જ્યારે માંગવા બેસે તો સ્વાભાવિક છે કે તે પોતાનું ભલું જ માંગે, બૂરું થાય તેવી માગણી તો ન જ કરે! એટલે પ્રાર્થનામાં સકારાત્મક વિચારો જ હોય છે. જે તેની આજુબાજુ હકારાત્મક વાતાવરણ ઉત્પન્ન કરે છે અને તે જ તેની ઊર્જા બની અંતરમાં જોમ ભરે છે. બાળકમાં નાનપણથી એક નાની પ્રાર્થના 'ભગવાન મને સદબુદ્ધિ દે'નું નિરૂપણ કરાય તો, તેનાં જીવનમાં કોઈપણ ખોટું કામ કરતાં તેને અટકાવશે. કેટલીક વાર આપણે કરી હોય તે માગણી કરતાં કંઈક ઉલટું પણ મળે છે અને આપણે નાસીપાસ થઈએ છીએ પરંતુ શ્રી મા આનંદમયી કહે છે 'પ્રાર્થનાનું પરિણામ અનિવાર્ય મળશે, પરંતુ તમારું ભલું શામાં છે તે માત્ર ભગવાનને જ ખબર છે.' તેથી જો 'ઈશ્વરેચ્છા બલિયસી' માની દરેક પળમાં જીવન ઉમેરી જીવવામાં આવે તો જીવનની કોઈ જંજાળ નડતી નથી. તમને શું જોઈએ છે, તે અંતર્યામી છે, તે જાણે છે પરંતુ જ્યારે લાયક બનીએ ને સમય આવે ત્યારે પ્રાર્થના આપોઆપ ફળીભૂત કરી દે છે. એ તો ગીતામાં કહે છે કે તું હાક મારતો જા ને કર્મ કરતો જા. એ તારી હાક સુણીને દોડી જ આવે છે. આ શબ્દો પ્રાર્થનાના બળરૂપ છે.પ્રાર્થના આત્માનું બળ અને ખોરાક છે, જેની શક્તિ વડે તે ઈશ્વરમય બને છે. જો કે કોઈ પણ ખેવના વિના જ્યારે માણસ ભગવાનને ચરણે સંપૂર્ણ શરણાગતિ સ્વીકારે છે ત્યારે ડગલે ને પગલે તેનાં સાથની અનુભૂતિ થાય છે. જેનાં વડે તે મુશ્કેલીઓમાં માખણમાંથી સોય નીકળે તેમ પાર ઉતરે છે છતાં તેને થાક નથી લાગતો. જ્યારે તે પાર પડે ત્યારે ' મેં કર્યું ' ને બદલે' ઈશ્વરે તે પાર પાડ્યું 'નો ભાવ રહે તો તે હળવો ફૂલ થઈ જગમાં ભાર વિના જીવી શકે છે. પ્રાર્થના કરતાં કરતાં જ્યારે જીવ ઈશ્વરમય બની તેનામાં એકાકાર થાય છે ત્યારે જાણે, જીવ શિવ એક થઈ જાય છે. પછી પ્રાર્થના કે શબ્દોની જરૂર રહેતી નથી. શ્વાસે શ્વાસે સોહમ સરે છે....

નારદીબહેન પારેખ
મુંબઈ

### યોગી સરકારનો દાવો : યુપીના શહેરોની કાયાકલ્પ થઈ ચુકી છે

# ભાજપ દ્વારા નગર નિગમની ચુંટણીને લઇ ચુંટણી પ્રચારનું કાર્ય શરૂ કરવામાં આવ્યું

### મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતૃત્વમાં શહેરી વિકાસથી જોડાયેલ યોજનાઓને પાર્ટી જનતાની સામે રાખી રહી છે.

લખનૌ,તા.૨૦

ઉત્તરપ્રદેશમાં નગર એકમ ચુંટણીને લઈ રાજનીતિ ગરમ થઈ ગઈ છે.મુખ્યમંત્રી યોગી પોતાની સરકારની ઉપલબ્ધીઓની સાથે શહેરોને સાધવામાં લાગી છે. મુખ્યમંત્રી તમામ નદર નિગમોમાં પ્રબુધ્ધનગર સંમેલન કરી ચુકયા છે.ગત સાડા પાંચ વર્ષમાં શહેરી સુવિધાઓને સુદૃઢ બનાવવાને લઈ કરવામાં આવેલ કાર્યોને જનતાની સામે રાખી રહ્યાં છે. આવાસ શૌચાલય સ્વચ્છતા પરિવહન સ્વનિધિ સ્માર્ટ સિટી ઈંટીગ્રેટેડ કમાંડ અને કંટ્રોલ સેંટર અને ટ્રાફિક મેનેજમેંટ સિસ્ટમ જેવા તમામ કાર્યોને યોગી સરકાર નિગમ



ચુંટણીમાં પોતાની મોટી તાકાતના રૂપમાં જોઈ રહી છે સરકારનો દાવો છે કે ગત લગભગ સાડા પાંચ વર્ષમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતૃત્વમાં શહેરી વિકાસથી જોડાયેલ યોજનાઓને પાર્ટી જનતાની સામે રાખી રહી છે.

સરકાર તરફથી આપવામાં આવેલ માહિતી અનુસાર સાડા પાંચ વર્ષની વાત કરીએ તો સ્વચ્છ ભારત મિશન (નગરીય) હેઠળ અત્યાર સુધી ૨ કરોડ ૬૧ લાખ શૌચાલયનું નિર્માણ યોગી સરકારે કર્યુ છે.તેનાથી લગભગ ૧૦ કરોડથી વધુ શહેરી જનતાને લાભ થયો છે.આ સાથે જ સમગ્ર પ્રદેશ આજે ખુલ્લામાં શૌચથી મુકત જાહેર કરવામાં આવ્યું છે. કચરા કલેકશન અને વેસ્ટ મેનેજમેંટની વાત કરીએ તો વર્તમાનમાં પ્રદેશના ૧૨.૦૨૨ વોર્ડમાં ૧૦૦ ટકા ડોર ટુ ડોર કચરાનું કલેકશન કરવામાં આવી રહ્યું છે.સિંગલ યુઝ પ્લાસ્ટિકને પ્રદેશમાં પ્રતિબંધિત કરી દેવામાં આવી છે.તેના ઉપયોગ કરનારાઓ સામે દંડ કરી ૧૬.૨૭ કરોડ રૂપિયાનું મહેસુલ પણ સરકારને પ્રાપ્ત થયુ છે.

આ ઉપરાંત તેમાં કહેવામાં આવ્યું છે કે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ પ્રદેશમાં અત્યાર સુધી ૪૫ લાખ ૫૦ હજારથી વધુ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે તેમાં નગરીય ક્ષેત્રમાં ૧૭ લાખ ૫ હજાર આવાસોનું નિર્માણ થયું છે.આ ઉપરાંત લખનૌમાં ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ચેલેંજ પર આધારિત લાઈટ હાઉસ પ્રોજેકટ હેઠળ ૧૦૪૦ આવાસોનું નિર્માણ,પ્રયાગરાજમાં એફોર્ડેબલ રેંટલ હાઉસિંગ કોમ્પ્લેકસનું નિર્માણ કરવામાં આવ્યું છે એ યાદ રહે કે ડીબીટીના માધ્યમથી ધનરકમ હસ્તાંતરણમાં ઉત્તરપ્રદેશ ૨૦૧૯ અને ૨૦૨૧માં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રાજય બન્યું છે.

# જમ્મુ-કાશ્મીરમાં સેના અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ, શોપિયાંમાં ૩ આતંકવાદીઓ ઠાર

શ્રીનગર,તા.૨૦

જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળોએ આતંકીઓ વિરુદ્ધ ઓપરેશન હાથ કર્યું છે. કાશ્મીર ખીણ વિસ્તારની શાંતિ છીનવી લેનારા આ આતંકવાદીઓને, સૈન્ય જવાનો દ્વારા જડબાતોડ જવાબ આપવામાં આવી રહ્યો છે. સુરક્ષા એજન્સીઓ દ્વારા મળેલા એક ઈનપુટ પછી, શોપિયાંમાં આજે એન્કાઉન્ટર શરૂ કરાયું છે. જમ્મુ અને કાશ્મીરના શોપિયાં જિલ્લાના મુંઝ માર્ગ વિસ્તારમાં, સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચેની અથડામણમાં લશ્કર-એ-તૈયબાના ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા છે, એમ ઉચ્ચ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસે કહ્યું કે માર્યા ગયેલા આતંકવાદીઓની ઓળખ કરવાની પ્રક્રીયા ચાલી રહી છે.

કાશ્મીર ઝોન પોલીસે એક ટ્વિટમાં જણાવ્યું હતું કે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા ૦૩ આતંકવાદીઓ, સુરક્ષા જવાનો સાથેની અથડામણમાં માર્યા ગયા છે. આ ત્રણેય આતંકવાદીઓની ઓળખ સહીતની બાકીની વિગતોની તપાસ ચાલી રહી છે. આ આતંકવાદીઓ જમ્મુ-કાશ્મીરમાં ક્યાથી પહોંચ્યા હતા. તેમને અહીં કોણે કોણે મદદ કરી? આ તમામ પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે. અગાઉ એક ટ્વિટમાં, કાશ્મીર ઝોન પોલીસે કહ્યું હતું કે, "આ એન્કાઉન્ટર શોપિયાં જિલ્લાના મુંઝ માર્ગ વિસ્તારમાં શરૂ થયું છે. પોલીસ અને સુરક્ષા દળો મોરચા પર તહેનાત છે.જમ્મુ અને કાશ્મીર પોલીસે સોમવારે રાત્રે રાજૌરી જિલ્લામાં આર્મી કેમ્પની બહાર ફાયરિંગની ઘટનાની તપાસ કરવા માટે એક વિશેષ તપાસ ટીમની રચના કરી હતી.

# ટ્વિટર પર મોદીનું બ્લૂ ટિક ગ્રે થઈ ગયું: સરકારી ટ્વિટર એકાઉન્ટ્સને ગ્રે વેરિફાઇડ ટિક મળ્યું

નવીદિલ્હી,તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ટ્વિટર હેન્ડલ પર ગ્રે ટિક દેખાવા લાગ્યું છે. જોકે રાહુલ ગાંધીની પ્રોફાઈલમાં હજુ પણ બ્લૂ ટિક છે.ટ્વિટર પર નવી વેરિફિકેશન સિસ્ટમ હેઠળ ફેરફારો દેખાવા લાગ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહનાં ટ્વિટર એકાઉન્ટમાંથી બ્લૂ ટિક હટાવી દેવામાં આવ્યું છે. તેમના હેન્ડલ્સમાં ગ્રે ટિક્સ દેખાવા લાગ્યું છે.જોકે હજુ સુધી ગ્રે ટિકનો નિયમ સંપૂર્ણપણે એપડેટ થયો નથી. ઘણા રાજકારણીઓના હેન્ડલ્સમાં હજુ પણ બ્લૂ ટિક દેખાય છે. રાહુલ ગાંધીનું ટ્વિટર પર હજુ પણ બ્લૂ ટિક દેખાય છે.૧૩ ડિસેમ્બરે ટ્વિટરે વેરિફિકેશનની પોલિસીમાં ફેરફાર કર્યો છે. એ ત્રણ રંગ વર્ગોમાં વહેંચાયેલું છે. કંપનીઓને ગોલ્ડ ટિક, સરકારોને ગ્રે ટિક અને સામાન્ય નાગરિકોને બ્લૂ ટિક મળશે.પીએમ મોદીના ટ્વિટર હેન્ડલ તેમજ વડાપ્રધાન કાર્યાલય જેવી સરકારી સંસ્થાઓ પર ગ્રે ટિક જોવા મળી રહ્યું છે. યુએસ પ્રેસિડેન્ટ જો બાઈડન, યુકેના પીએમ ઋષિ સુનક સહિત ઘણા રાજકારણીઓની ટ્વિટર પ્રોફાઈલ પર ગ્રે ટિક દેખાય છે.અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન, યુકેના પીએમ ઋષિ સુનક સહિત ઘણા રાજકારણીઓની ટ્વિટર પ્રોફાઈલ પર હવે ગ્રે ટિક દેખાઈ રહ્યું છે.અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન, યુકેના પીએમ ઋષિ સુનક સહિત ઘણા રાજકારણીઓની ટ્વિટર પ્રોફાઈલ પર હવે ગ્રે ટિક દેખાઈ રહ્યું છે.

ટ્વિટરે ૯ નવેમ્બરના રોજ ચેક-માર્ક બેજ સાથે ટ્વિટર બ્લૂ લોન્ચ કર્યું, પરંતુ નકલી એકાઉન્ટ્સની વધતી સંખ્યાને કારણે બે દિવસ પછી સેવાને હોલ્ડ પર રાખી દીધી. નવા બ્લૂ સાઈન અપ બંધ કરવામાં આવ્યા હતા. અત્યારે આ સેવા અમેરિકા સહિત કેટલાક દેશોમાં ફરી શરૂ કરવામાં આવી છે. આ માટે દર મહિને ૮ ડોલર ચૂકવવા પડશે.જો તમે એને એપલના એપ સ્ટોર પરથી ખરીદો છો, તો એ ૧૧ ડોલરમાં ચાર્જ પર દર મહિને ઉપલબ્ધ થશે. એપલ સ્ટોર પર એ મોંઘું હોવાનું કારણે એના દ્વારા વસૂલવામાં આવેલો 30% ટેક્સ છે. ભૂતકાળમાં ઈલોન મસ્કે એપલના આ ટેક્સ વિશે જણાવ્યું હતું. જ્યારે ભારતમાં આ સેવા શરૂ થશે, ત્યારે એના માટે દર મહિને ૭૦૦ રૂપિયા ચૂકવવા પડી શકે છે.ટ્વિટરે તેના બ્લૂ સબસ્ક્રિપ્શનને ફરીથી લૉન્ચ કરવાની જાણકારી આપી છે. આ ટ્વીટના સ્ક્રીનશોટમાં બિઝનેસને આપવામાં આવેલા ગોલ્ડ ટિક માર્ક પણ દેખાય છે. પહેલા માત્ર બ્લૂ ટિક માર્ક હતું. ટ્વિટરે ભારતીય માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ કેઓઓનું એકાઉન્ટ સસ્પેન્ડ કરી દીધું છે. ટ્વિટર હેન્ડલ @kooeminence, જે ફિલ્ડ યુઝર ક્વેરી માટે સેટ કરવામાં આવ્યું હતું, એને ૧૬ ડિસેમ્બરે સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. કૂના કો-ફાઉન્ડર અને ચીફ એક્ઝિક્યુટિવ અપ્રમેય રાધાકૃષ્ણએ કહ્યું, "અમને ખબર નથી કે એકાઉન્ટ કેમ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે.

KMYC

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક

## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



**Nog SS No-106**

વિષયઃ-આવી શુભઘડી

શીર્ષકઃ-"ચોવીસમી ઘડી તો રળિયામણી રે"

પ્રકારઃ-ગદ્ય

શબ્દઃ-૨૧૦

રાહ જોવી એતો જન્મ સિદ્ધ અધિકાર છે.. "આ સમય કેવી રીતે પસાર થાય?,! અને નવો સમય વધારે સરસ નજરાણું લાવે...તેની જ આપણે રાહ જોતાં હોઈએ છીએ.

રાત પડે,અંધારું થાય ઘુવડ,તમરાં,દેડકા,સાપ--ચોર સૌ સૌનું કામ કરવા માંડે!! ઘુવડ રાતના અંધારાંમાં જોવા માંડે એને જે જોઈએ તે. તમરાંના એવું તે શું ઘેલું લાગે છે અંધારાંનું કે-- એ એવા તો અવાજ છોડે કે એવો અનુભવ થાય કે આ મધરાતે તાનપુરાના તાર કોણ છેડી રહ્યું છે!!

દેડકાં અને સાપ, એવાં તો સંતા કૂકડી રમતાં હોય કે-- દેડકાં ડરી ડરીને ડ્રાંઉ-ડ્રાંઉ બોલી આખી સૃષ્ટિને જગાડી દે!!

આવાં અંધારાંની મજા તો છે જ. પણ સૃષ્ટિ તો અજવાળાંની રાહ જુવે છે. મળસ્કે નભમાં, પૂર્વ દિશામાં સૂરજના કિરણોની લાલીમા, જેવી છવાય કે કુદરતનો એક એક જીવ એવો તો આનંદિત બની ઊઠે.મન થનગનવા માંડે.

પંખીડા ગીતો ગાવા માંડે.

ગામની ગોરીના રૂપાળા હાથે વલોવાતાં વલોણાની સાથે,ઘમ્મર ઘમ્મર ઘૂઘવાતા સૂરને તાલ મેળવતાં પ્રભાતીયાં લલકારતી લલનાઓની ચૂડીઓના સૂરીલા અવાજથી શોભાયમાન સવારની કોણ રાહ નથી જોતું બોલો!!???

મધ્યાહ્ને મોટાં ઝાડની ડાળીએ ઘૂટરઘૂ કરવું ! પંથકને ઝાડના છાંયડામાં સૂઈ રહેવું-- કે પછી- આધુનિક ક્ટ.ઞ.ની ઠંડક માં પાંચમણની તળાઈ ઉપર,! બહાર -ધોમ ધખ્યો તડકો હોવા છતાં-ઢોલનગારાં વગાડતા નસ્કોરાં બોલાવતાં ઊનાળાના બપોરે ઊંઘી જવું-- આવી મીઠી ઘડીની તો સૌ કોઈ રાહ જોતું જ હોય ..

સાંજ- સંધ્યા-- રંગભરી આકાશે ઊડતાં પોતાના માળા તરફ પાછાં ફરતાં પંખીઓનો કિલકાર!! ધરતીનો છેડો ઘર!! કેવી સુમધુર કલ્પના-ઘેરે પહોંચ્યાં સુમધુર ઘડી!!

શિયાળો-ઉનાળો-ચોમાસું

દરેકની આપણે કેવી રાહ જોઈએ છીએ ને??!

કાલિદાસના મેઘદૂતની (બહાર ગામ ગયેલા પતિ માટે)

'દિવસગણના તત્પરામ્-એક પત્નીમ્' ની જેમ આપણે પણ

સારા સમયની રાહ જોઈએ જ છીએ.

અને સારો સમય આવે એટલે -- કાયા મેઘની જોઈ નાચતા કાયલ મોરની જેમ

આપણે પણ ખુશ થઈએ છીએ .

એવા જ આનંદની ઘડી

ચોવીસમી ડીસેમ્બર - ર્હ્યન્ન પરિવાર-માટે આવી ચૂકી છે.

આનંદો-માણો-મોજ મનાવો.

મુક્તિદા કુમાર

-'રુપલી'

મુંબઈ-મહારાષ્ટ્ર

-------------------------------------------------------

**NOG SS No :128**

સાહિત્ય સરિતા

વિષયઃ-" આવી શુભ ઘડી"

શીર્ષકઃ અવસર .

શબ્દ સંખ્યા :-૧૧૩.

મારે આંગણિયે અવસર રુડો આવે રે.

બારમાં મહિનાની ચોવીસ તારીખની નોંધ કરીએ રે.

પહેલું આમંત્રણ પ્રભુને આપીએ રે.

ચાની ચુસકી સંગ સૌને જાણીએ રે.

નાસ્તા સંગ સાહિત્યને જાણીએ રે.

અસંખ્ય કાવ્ય રચના લાવીએ રે.

ગઝલનો રસાસ્વાદ માણીએ રે.

સાહિત્ય પ્રેમીઓ આનંદનાં

હીલ્લોળે ઝુમે રે.

થોડાંક રાસ ગરબા કરીએ રે.

સૌની રચનાઓ સાંભળીએ રે.

તાળીઓથી સૌને વધાવીયે રે.

ભોજન સાથે મોજને મજાક કરીએ રે.

સાહિત્ય તો સમુદ્ર છે, તેનું નાનું

બિંદુ બનીએ રે.

સંગીતની સરગમ છેડીએ રે.

સૌની સાથે લ્હાવો લઈએ રે.

સૌનો પરિચય અંતરમાં સમાવીને

ફરી ફરી મળવાનું ટાણું શોધીએ રે.

સૌ આવોને આગંણીયે રુડો અવસર માણીએ રે.

સૌને ધન્યવાદ કરતાં જાઈએ રે.

કિર્તી પારેખ.

-------------------------------------------------------

***NOG SS NO:004***

વિષયઃશુભ ઘડી

પ્રકારઃ લેખ

શબ્દોઃ૨૪૨

શીર્ષકઃ અર્પિત શુભ પળ

જીવન એક ધારું વિતે તો માનવી કંઈક ઘડી કાઢે ને આનંદ માણે ક્યાં તો દુઃખ. દુઃખ તો અસહ્ય હોય તેથી તે દરેક પળને હર્ષોલ્લાસમાં જ માણે.

દરેક પળે તે કંઈક નવું વિચારે પણ સ્વભાવ અનુસાર ભોગવી ન શકે. છેલ્લી ઘડી સુધી તે અસમંજસ્યમાં ડૂબેલો રહે. આ ફક્ત માનવી જ નહિ પશુ-પંખીને પણ લાગે વળગે છે. શિયાળાની નિરવ શાંતિમાં અચાનક સિંહની ડણક સંભળાય ને માનવી કંઈક કરી શકે તે પહેલા મવેશી પર ત્રાટકી ઊઠે ને માનવ હજુ સજાગ થાય તે પહેલાં વાંદરાને ઉપાડી જાય તો તે ઘડી કેવી અમંગળ વાટે ,પણ તે જ ઘડીએ પેલો સાવજ જોવા મળી જાય તો માનવી કેવો ખુશ થાય! કારણ જે પ્રાણી જવ્વલેજ જોવા મળે તે સામે આવી જાય ડર સાથે તે શુંભ ઘડી ન વિસરાય.

માનવના જીવનમાં આવી અનેક અણધારી પળો આવે છે ને તે શુભ બની જાય છે. અચાનક ભાગ્ય ખીલી જાય છે. ન કલ્પેલી વાતો સફળતા અર્પે છે. મિત્રો એવી શુભ ઘડી મારાં જીવનમાં આવી છે હું ન્યુઝ ઓફ ગાંધી નગરમાં જોડાય ને મને તંત્રી શ્રી પ્રદીપભાઈએ 'દાદીશા' કહી સંબોધી. આજે મારાં એટલાં બધાં અજાણ્યાં મિત્રો ને હિતેચ્છુઓ મને મળ્યાં છે કે હું આ ૨૪મી ડિસેમ્બરના સ્નેહમિલનમાં બધાંને મળી એ 'અર્પિત શુભ પળ'માણી ધન્ય થઈ જવાની. આજ સુધી ફોનમાં રણકતાં દાદીશાના સુમધુર સંબોધનને ખરાં હૃદયથી સ્વિકારવા જઈ રહી છું. ચાલો મિત્રો ને વહાલા સભ્યો સંચાલક શ્રી પ્રદીપભાઈના આ પ્રયાસને શુભ અવસરમાં ફેરવી દઈએ. સર્જાયોલી આ શુભ ઘડીને આપણી માની આનંદીએ.????

જયશ્રી પટેલ

૨૦/૧૨/૨૨

-------------------------------------------------------

**: NOG SS No : 0078**

પ્રકાર - પદ્ય

વિષય - શુભ ઘડી

શિર્ષક - 'ક્યાં હતી તું?'

જિંદગીનો ખૂબ જ અઘરો અંતિમ પડાવ;
સાવ કોરી ભાવવિહીન આંખો;
ફક્ત અને ફક્ત મૃત્યુની પ્રતીક્ષા;
સમયનો ભાર ને માર વેંઢારતાં
નબળાં શરીરને ઢસડી અને
જેમ તેમ પસાર થતી બે વૃદ્ધ જિંદગીઓ;
અને ત્યારે! ત્યાં! અચાનક.....
ટકટક ટકટક....દ્વારે ટકોરા!
કોણ હશે, અત્યારે?
જેમતેમ બારણાં સુધી પહોંચતાં જ.....
આ શું?
શિથિલ તનની રગેરગમાં ઉર્જાનો સંચાર!
કોરી આંખોમાં અજબ રોશની ને
નબળા પગમાં વીજળીની ગતિ!
અંધારિયા ઘરમાં ચમકી કેવી વીજળી!
વર્ષોથી ના જોયેલા કુળદીપકને જોઈને.
ઓ.....'શુભ ઘડી' ,
ક્યાં હતી તું હમણાં સુધી?

શ્વેતા તલાટી

# રાજ્યસભામાં કોંગ્રેસ નેતા ખડગેના નિવેદન પર હંગામો, ભાજપ સાંસદોએ માફીની માંગણી કરી



નવીદિલ્હી,તા.૨૦

રાજ્યસભામાં આજે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેના નિવેદન પર હંગામો મચી ગયો હતો . કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે આ મુદ્દો ઉઠાવીને તેમની પાસે માફીની માંગણી કરી. તેમણે કહ્યું કે કાલે અલવરમાં વિપક્ષના નેતા મલ્લિકાર્જૂન ખડગેએ અભદ્ર ભાષણ આપ્યું હતું. જે ભાષાનો ઉપયોગ કરાયો તે દુર્ભાગ્યપૂર્ણ છે. તેમણે જે પ્રકારની અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો, નિરાધાર વાતો કરી અને દેશ સામે જૂઠ્ઠાણું રજૂ કરવાની કોશિશ કરી, હું તેની નિંદા કરું છું, હું તેમની પાસે માફીની માંગણી કરું છું.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે તેમણે (મલ્લિકાર્જૂન ખડગે) ભાજપ, સંસદ અને આ દેશની જનતા પાસે માફી માંગવી જોઈએ જેમણે પૂર્ણ બહુમતથી ભાજપની સરકાર બનાવી. તેમણે (ખડગે) આપણને તેમની માનસિકતા અને ઈર્ષાની ઝલક દેખાડી. કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજૂએ કહ્યું કે મને વિશ્વાસ નથી થતો કે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે આટલું નીચે જઈ શકે છે અને આ પ્રકારની આપત્તિજનક ટિપ્પણી કરી શકે છે. તેમણે એક રાજકીય પક્ષના નેતા તરીકે પોતાની જવાબદારીઓ સમજવી જોઈએ. આપણે દુશ્મન નથી, હરિફો છીએ, આ અરુચિકર, દુર્ભાગ્યપૂર્ણ અને બિનજરૂરી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નિવેદન પર મંગળવારે ભારતીય જનતા પાર્ટીના સાંસદોએ સંસદમાં હંગામો મચાવ્યો હતો. બીજેપીના નેતાઓ વતી, ખડગે પાસેથી તેમના નિવેદન માટે માફી માંગવાની માગ કરવામાં આવી હતી. ત્યારબાદ સાંસદોના હોબાળાને જોતા, રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે કહ્યું કે આપણે ખૂબ જ ખોટું ઉદાહરણ સ્થાપિત કરી રહ્યા છીએ. આપણે લડતા બાળકો નથી. ૧૩૫ કરોડ લોકો આપણા પર હસી રહ્યા છે. ખડગેએ આજે ??ફરી કહ્યું, હું હજુ પણ કહી શકું છું કે સ્વતંત્રતા સંગ્રામમાં તેમની કોઈ ભૂમિકા નહોતી.

મલ્લિકાર્જુન ખડગેના નિવેદન પર તીખી પ્રતિક્રિયા આપતા કેન્દ્રીય મંત્રી પ્રહલાદ પટેલે કહ્યું કે ખડગેએ દેશની માફી માંગવી જોઈએ, તેમની પાસે માફી માંગવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. તેમણે કહ્યું કે ખડગેએ પોતાની ભૂલ સ્વીકારવી જોઈએ. તેમને ઈતિહાસનું જ્ઞાન પણ નથી. તેમણે તેમની લાંબી રાજકીય સફર માટે અફસોસ કરવો જોઈએ. આઝાદી પછી શ્યામા પ્રસાદ મુખર્જી દેશની એકતા માટેના પ્રથમ શહીદ હતા.

આ સમગ્ર વિવાદ પર મલ્લિકાર્જૂન ખડગેએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે મે જે પણ કહ્યું તે રાજનીતિક રીતે સદનની બહાર હતું અંદર નહીં. તેના પર અહીં ચર્ચા કરવાની જરૂર નથી. હું અત્યારે પણ કહી શકું છું કે સ્વતંત્રતા સંગ્રામમાં તેમની કોઈ ભૂમિકા નહતી. અલવરની જનસભામાં શુક્રવારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ કહ્યું હતું કે 'દેશ માટે પૂર્વ પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધી, અને રાજીવ ગાંધીએ કુરબાની આપી અને પૂછ્યું કે અમારી પાર્ટીના નેતાઓએ જીવ આપ્યા છે તમે (ભાજપ) શું કર્યું? તમારા ઘરે દેશ માટે કોઈ કૂતરો પણ મર્યો છે?...શું કોઈએ કુરબાની આપી છે? ના. પરંતુ આમ છતાં તેઓ દેશભક્ત અને અમે કઈ પણ બોલીએ તો દેશદ્રોહી.

# બીજેપી સાંસદ નિશિકાંત દુબેનો આરોપ
## ઈસ્લામ ધર્મ ન સ્વીકારવાના કારણે રૂબિકાની લાશના ૫૦ ટુકડા કર્યા, હત્યારાઓને ફાંસી આપવાની માંગ કરી

સાહેબગંજ,તા.૨૦

ઝારખંડના સાહેબગંજમાં રૂબિકા મર્ડર કેસનો મામલો ખૂબ ચર્ચામાં છે. પોલીસે મૃતક રૂબિકાના પતિ દિલદાર અંસારી સહિત તેના સમગ્ર પરિવારની અટકાયત કરી છે અને પૂછપરછ કરવામાં આવી રહી છે. દરમિયાન ભાજપે આ હત્યાકાંડની સખત નિંદા કરી છે. ગોડ્ડાના બીજેપી સાંસદ નિશિકાંત દુબેએ કહ્યું છે કે હત્યારાઓને ફાંસી ન અપાય ત્યાં સુધી ઝારખંડ ભાજપ લડશે.

ઝારખંડના સાહેબગંજમાં રૂબિકા મર્ડર કેસનો મામલો ખૂબ ચર્ચામાં છે. પોલીસે મૃતક રૂબિકાના પતિ દિલદાર અંસારી સહિત તેના સમગ્ર પરિવારની અટકાયત કરી છે અને પૂછપરછ કરવામાં આવી રહી છે. દરમિયાન ભાજપે આ હત્યાકાંડની સખત નિંદા કરી છે. ગોડ્ડાના બીજેપી સાંસદ નિશિકાંત દુબેએ કહ્યું છે કે હત્યારાઓને ફાંસી ન અપાય ત્યાં સુધી ઝારખંડ ભાજપ લડશે.રૂબિકા મર્ડર કેસમાં દિલદાર અંસારીના મામા મોઈનુલ અંસારી ફરાર છે. રૂબિકા હત્યા કેસમાં ભાજપ તમામ આરોપીઓને ફાંસીની સજાની માંગ કરી રહી છે.

બીજેપી સાંસદ નિશિકાંત દુબેએ ટ્વીટ કર્યું, ×આ ખૂબ જ દુઃખદ ઘટના છે, મારી ઝારખંડ રાજ્યની દીકરી, બહેન અને દરેક જનતા આને સહન નહીં કરે.× હેમંત જીના નેતૃત્વમાં રાજ્યનું નામ બદનામ થયું છે. પોતાને ઝારખંડી કહેનારા આ શાસકો સૌથી મોટા દંભી નીકળ્યા.

બીજેપી સાંસદ નિશિકાંત દુબેએ અન્ય એક ટ્વીટમાં લખ્યું, ×રૂબિકા પહાડિયા આદિવાસી, જેને દિલાવર અંસારીએ લગ્ન કર્યા પછી ઈસ્લામ ન સ્વીકારવા બદલ તેના ૫૦ ટુકડા કરી દીધા હતા, પાર્ટી તેના ન્યાય માટે અને હત્યારાઓને ફાંસી ન આપે ત્યાં સુધી લડશે.× રૂબિકાની માસૂમ બાળકીના શિક્ષણ માટે ભાજપ ૫ લાખ રૂપિયા આપશે.

રૂબિકા પહારી દિલદાર અન્સારીની બીજી પત્ની હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ હત્યા તેમના અંગત વિવાદને કારણે કરવામાં આવી છે. અન્સારીએ તેની પત્નીની હત્યા કરી તેના ટુકડા કરી નાખ્યા. ડીઆઈજી સંથાલ સુદર્શન પ્રસાદ મંડલે જણાવ્યું હતું કે તપાસમાં તેના પતિની સંડોવણી સામે આવી છે.રૂબેકા આદિવાસી 'આદિમ પહરિયા' સમુદાયની હતી.

દિલદાર અંસારી પહેલાથી જ પરિણીત હતો રૂબિકા સાથે લગ્ન કર્યા બાદ બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. દિલવરના મામાના ઘરેથી રૂબિકાની લાશ મળી આવી હતી.

# કાંદિવલીમાં સિંગિંગ ટેલન્ટ હંટ

કાંદિવલી વેસ્ટમાં શાંતિલાલ મોદી રોડ પર આવેલા કાંદિવલી વ્યાયામ મંદિર સંચાલિત કાંદિવલી રિક્રિયેશન ક્લબ (કેઆરસી)ના મેદાનમાં તા. ૨૪ ડિસેમ્બર, શનિવારે રાતે ૬.૩૦ વાગ્યાથી સિંગિંગ ટેલન્ટ હંટનું આયોજન કરાયું છે. જ્યુરીમાં અરવિંદર સિંહ અને અપર્ણા ઉલ્લાલ રહેશે, જ્યારે હોસ્ટ કુલરાજ બેદી અને કોઓર્ડિનેટર બૈજુ સર રહેશે.

# કાંદિવલીમાં ન્યૂ યર ઈવ-૨૦૨૩ કાર્યક્રમનું આયોજન

કાંદિવલી વેસ્ટમાં શાંતિલાલ મોદી રોડ પર આવેલા કાંદિવલી વ્યાયામ મંદિર સંચાલિત કાંદિવલી રિક્રિયેશન ક્લબ (કેઆરસી)ના મેદાનમાં નવા વર્ષને વધાવવા માટે . ૩૧ ડિસેમ્બર, શનિવારે ડીજે, વિવિધતા ધરાવતા ફૂડ, બિવરેજ સાથે ન્યૂ યર ઈવ-૨૦૨૩ કાર્યક્રમનું આયોજન કરાયું છે. વધુ વિગત માટે કેઆરસીની ઓફિસનો સંપર્ક કરવો.

# ઓફિસમાં ૭૫ ટકા લોકોને બીજા કર્મચારીઓ હેરાન કરે છેઃ સ્ટડીમાં ચોંકાવનારા ખુલાસો

નવીદિલ્હી,તા.૨૦

ઓફિસમાં સામાન્ય રીતે લોકો ધાક ધમકી (બુલિંગ) અથવા તો હેરાનગતિની ફરિયાદ કરે છે. કેટલીક વખત તો લોકો એવા પગલા પણ ભરી કાઢે છે જેની કિંમત અન્ય લોકોને પણ ચુકવવી પડે છે. બ્રિટનની નોંટિઘમ યુનિવર્સિટીમાં થયેલા એક અભ્યાસમાં આ પ્રકારનો ચોંકાવનારો ખુલાસો થયો છે. શોધ મુજબ ધાકધમકીનો શિકાર થયેલા લોકો કાવતરા પર વધારે વિશ્વાસ કરે છે.

તેઓ કેટલીક વખત જાણીજોઈને ઓફિસમાં એવા પ્રકારનો માહોલ બનાવે છે જેના કારણે બુલિંગ કરનાર લોકોને પરેશાની થાય છે. બ્રિટનની નોંટિઘમ યુનિવર્સિટી અને ફ્રાન્સની નેનટેરે યુનિવર્સિટીના નિષ્ણાંતોએ ઓફિસ બુલિંગ સાથે જોડાયેલા મનોવૈજ્ઞાનિક કારણો પર અભ્યાસની કામગીરી હાથ ધરી હતી. અભ્યાસમાં જાણવા મળ્યુ હતુ કે ઓફિસમાં ૭૫ ટકા લોકો બુલિંગનો શિકાર થાય છે. તેઓ કેટલીક તકલીફગ્રસ્ત ભાવનાઓથી ગ્રસ્ત બને છે.


અભ્યાસના મુખ્ય શોધકર્તા ડેનિયલ જોલીએ કહ્યુ છે કે બુલિંગના અનુભવ પીડિતને કેટલીક રીતે પ્રભાવિત કરે છે. કેટલીક વખત તેના ગંભીર પરિણામ આવે છે. ઓફિસમાં અફવા ફેલાવે છે. લોકો એકબીજા સામે ગોસિપ કરે છે. કેટલીક વખત આઘાતમાં આવીને લોકો નોકરી છોડી દે છે અને બેરોજગાર બને છે. આને લઈને અભ્યાસ કરવા માટે શોધકર્તાઓએ કેટલાક લોકોને ઓફિસમાં છ માસ સુધી બુલિઈંગ માહોલમાં અને કેટલાકને સારા માહોલમાં રાખ્યા હતા.ઓફિસમાં બુલિંગ થવાથી માહોલ ખરાબ થાય છે. આની અસર બુલિંગનો શિકાર થયેલા લોકો પર પડે છે. તેમની પ્રોડક્ટિવિટી ઘટી જાય છે. તેઓ તકલીફમાં રહે છે અને ઓછા ક્રિએટિવ હોય છે. જેથી શોધનો ઉદેશ્ય આ પ્રકારની ગતિવિધીઓને ઘટાડવાનો છે.

# ચૂંટણી પંચે ૫૪.૩૨ કરોડ લોકોના આધાર લીધા, પરંતુ એક પણ વોટર આઇડી સાથે લિંક નથી કર્યા

## કુલ ૯૫ કરોડ નોંધાયેલા મતદારોમાંથી લગભગ અડધા લોકોએ તેમના આધારને મતદાર આઈડી સાથે લિંક કર્યા છે.

નવીદિલ્હી,તા.૨૦

ચૂંટણી પંચે ૧ ઓગસ્ટથી ૧૨ ડિસેમ્બર વચ્ચે નોંધાયેલા મતદારો પાસેથી ૫૪.૩૨ કરોડ આધાર કાર્ડ એકત્ર કર્યા હતા. આમાંથી એક પણ આધારને વોટર ID સાથે લિંક કરવાની પ્રક્રિયા હજુ શરૂ થઈ નથી. ચૂંટણી પંચે ૧૫ ડિસેમ્બરે માહિતી અધિકારમાં મળેલી માહિતી અનુસાર સૂત્રોને જણાવ્યું હતું.સંસદે ચૂંટણી કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૧ પસાર કર્યા પછી ચૂંટણી પંચે ઓગસ્ટ ૧ ના રોજ વિશેષ અભિયાન શરૂ કર્યું હતું, જેણે તેને મતદાર આઈડી સાથે લિંક કરવા માટે આધાર નંબર એકત્રિત કરવાની સત્તા આપી હતી.૧૭ જૂનના રોજ, કાયદા મંત્રાલયે ૧ એપ્રિલ, ૨૦૨૩ છેલ્લી તારીખ તરીકે સૂચિત કર્યું હતું કે, મતદારો




ફોર્મ ૬ બી ભરીને મતદાર આઈડી સાથે લિંક કરવા માટે તેમનો આધાર સબમિટ કરી શકે છે. ગયા અઠવાડિયે, ચૂંટણી પંચના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે, કુલ ૯૫ કરોડ નોંધાયેલા મતદારોમાંથી લગભગ અડધા લોકોએ તેમના આધારને મતદાર આઈડી સાથે લિંક કર્યા છે.

ચૂંટણી પંચે ૪ જુલાઈએ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીઓને ૧ ઓગસ્ટથી ફોર્મ-૬બીમાં મતદારોના આધાર નંબર એકત્ર કરવા માટેનો કાર્યક્રમ હાથ ધરવા નિર્દેશ આપ્યો હતો. જોકે, ચૂંટણી પંચના પ્રવક્તાએ હજુ સુધી લિક્વિંગ કેમ શરૂ નથી થયું તે અંગે કોઈ ટિપ્પણી કરી નથી.જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે મતદાર આઈડી સાથે કેટલા આધાર નંબરો લિંક કરવામાં આવ્યા છે, ત્યારે ચૂંટણી પંચે એક આરટીઆઇ પ્રશ્નનો જવાબ આપ્યો કે 'એવું જણાવવામાં આવે છે કે મતદાર યાદી-ઈપીઆઈસી ડેટાબેઝને આધાર ડેટાબેઝ સાથે લિંક કરવાની પ્રક્રિયા હજુ શરૂ કરવામાં આવી નથી. એ પણ જણાવવામાં આવ્યું છે કે ૦૧.૦૮.૨૦૨૨ થી ૧૨.૧૨.૨૦૨૨ સુધીમાં વર્તમાન મતદારો પાસેથી પ્રાપ્ત ફોર્મ-૬બીની કુલ સંખ્યા ૫૪,૩૨,૮૪,૭૬૦ છે.


કેટલી એન્ટ્રીઓ કાઢી નાખવામાં આવી છે અથવા ડુપ્લિકેટ કે છેતરપિંડીના કેસો શોધી કાઢવામાં આવ્યા છે, તેવા પ્રશ્નના જવાબમાં,ઈસીએ જવાબ આપ્યો કે, ઉપર જણાવ્યા મુજબ આધાર લિંકિંગ શરૂ કરવામાં આવ્યું નથી, આધાર લિંકિંગના આધારે હજી સુધી આવી કોઈ એન્ટ્રી કરવામાં આવી નથી. આરટીઆઇના જવાબમાં એ પણ નિર્દેશ કરવામાં આવ્યો છે કે, ચૂંટણી પંચે ૪ જુલાઈએ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીઓને ૧ ઓગસ્ટથી 'ફોર્મ-૬ બીમાં સ્વૈચ્છિક ધોરણે વર્તમાન મતદારોના આધાર નંબર એકત્ર કરવા માટે એક કાર્યક્રમ ચલાવવા' નિર્દેશ આપ્યો હતો. આ સવાલનો જવાબ હજુ સુધી ચૂંટણી પંચ તરફથી મળ્યો નથી કે વોટર આઈડીને આધાર સાથે લિંક કરવાનું કામ હજુ સુધી કેમ શરૂ નથી થયું?

દરમિયાન, લોકસભામાં સાંસદો રિતેશ પાંડે, પ્રદ્યુત બોરદોલોઈ અને સૈયદ ઈમ્તિયાઝ જલીલના પ્રશ્નના જવાબમાં કાયદા પ્રધાન કિરેન રિજિજુએ સ્પષ્ટતા કરી હતી કે આધાર અને મતદાર આઈડી લિંક ન કરવા બદલ કોઈ પણ મતદારને યાદીમાંથી દૂર કરવામાં આવશે નહીં. મંત્રીના લેખિત જવાબમાં કહેવામાં આવ્યું છે કે, આધાર નંબરોને 'આધાર ડેટા વૉલ્ટ' નામથી સ્ટોર કરવામાં આવ્યા છે. મંત્રીએ જવાબ આપ્યો કે, ઈસીઆઇ યુઆઇડીએઆઇ દ્વારા નિર્ધારિત માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરે છે અને તેના ડેટાબેઝમાં આધાર નંબર સંગ્રહિત કરતું નથી. આધાર નંબરનો ઉપયોગ માત્ર પ્રમાણીકરણ હેતુઓ માટે થાય છે અને ઈસીઆઇ યુઆઇડીએઆઇ આધાર ડેટાબેઝમાંથી કોઈપણ વ્યક્તિગત જાણકારી ફરીથી પ્રાપ્ત કરતું નથી.

# સંસદીય લોકશાહીમાં સભાગૃહની સર્વોપરીતા તેનું હાર્દ છે- વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી

**૧૫મી વિધાનસભાના અધ્યક્ષ તરીકે શ્રી શંકરભાઈ ચૌધરીની સર્વાનુમતે મતે વરણી**

**સંગઠન, સહકાર, સરકાર બાદ હવે શ્રી શંકરભાઇ ચૌધરી બંધારણીય જવાબદારી નિભાવશે**



૧૫મી વિધાનસભાના પ્રથમ સત્રમાં આજે વિધાનસભાના અધ્યક્ષ તરીકે શ્રી શંકરભાઈ ચૌધરીની વરણી કરવામાં આવી હતી. પ્રોટેમ સ્પીકર શ્રી યોગેશભાઇ પટેલ દ્વારા વિધાનસભાના અધ્યક્ષ માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં અધ્યક્ષ તરીકે શ્રી શંકરભાઈ ચૌધરીના નામનો પ્રસ્તાવ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રજૂ કર્યો હતો. વિધાનસભાના અધ્યક્ષ માટેના પ્રસ્તાવને સંસદીય અને વૈધાનિક મંત્રી ઋષિકેશભાઇ પટેલે સમર્થન આપતા ગુજરાત વિધાનસભાના પક્ષ-વિપક્ષના તમામ ધારાસભ્યોએ સર્વાનુમતે વિધાનસભાના અધ્યક્ષ તરીકે શંકરભાઈ ચૌધરીને સમર્થન કરતા વિધાનસભાના અધ્યક્ષ તરીકે પદભાર સંભાળ્યો હતો.

ગુજરાતમાં સંગઠન, સહકાર, સરકાર બાદ હવે બંધારણીય જવાબદારી સ્વીકારીને ગૃહમાં સૌનો આભાર માનતા અધ્યક્ષ શ્રી ચૌધરીએ કહ્યું હતું કે, સભાગૃહના તમામ સભ્યોશ્રીઓએ મારા પર જે વિશ્વાસ મૂક્યો છે તેને હું સંપૂર્ણ ન્યાય આપવા હંમેશાં પ્રયત્નશીલ રહીશ. ભારતમાં સંસદીય લોકશાહીમાં સભાગૃહની સર્વોપરીતા તેનું હાર્દ- હૃદય છે. સભાગૃહની ગરિમા અને ગૌરવ જાળવવાની જવાબદારી આપણને સોંપી છે, તેથી વિધાનસભાગૃહનું ગૌરવ અને ગરિમા ઓછી થાય તેવા કોઈપણ કાર્યથી અળગા રહેવાનું અને પ્રજાના હિતને લક્ષમાં રાખીને જવાબદારી નિભાવવાનું ધ્યેય કેન્દ્ર સ્થાને રહે તે આપણા સૌ માટે આવશ્યક છે. આદર્શ આચારસંહિતાનું પાલન સંસદીય કારકિર્દી માટે આધારસ્તંભ છે તેમ આજે વિધાનસભા ગૃહમાં નવા નિમાયેલા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું.

વિધાનસભાના અધ્યક્ષ તરીકે શ્રી શંકરભાઇ ચૌધરીએ પદભાર સંભાળતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે નવનિયુકત અભિનદન પાઠવ્યા હતાં. લોકશાહીના મંદીરની ઉજ્જવળ પરંપરાઓ જાળવી રાખવામાં નવનિયુકત અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન નિરંતર મળતું રહેશે. ૧૫મી ગુજરાત વિધાનસભાનો પાંચ વર્ષનો કાર્યકાળ સંસદીય કાર્યપ્રણાલિકાઓના સંર્વધન માટેનો સુર્વણકાળ બની રહેશે તેવો તેમણે વિશ્વાસ વ્યકત કર્યો હતો.

અધ્યક્ષ શ્રી શંકરભાઇ ચૌધરીએ કહ્યું હતું કે, આ વિધાનગૃહ મહાપુરૂષો તથા નવરત્નોનું સાક્ષી રહ્યું છે. અનેક સપૂતોએ આ સભાગૃહને શોભાવીને દેશ અને દુનિયામાં ગુજરાતનું નામ રોશન કર્યું છે. આવા રત્નોમાં આપણા સૌના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ તા.૦૭ ઓકટોબર, ૨૦૦૧ થી ૨૨મી મે ૨૦૧૪ સુધી એટલે કે ૪૬૦૪ દિવસ સુધી આ સભાગૃહને અજવાળીને આજે દેશના વડાપ્રધાનપદે બિરાજે છે. જે ગુજરાત વિધાનસભા ગૃહ તેમજ ગુજરાત માટે ગૌરવ સમાન છે. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહ કે જેઓ ૯મી ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણીમાં ચૂંટાઇને સૌ પ્રથમ આ સભાગૃહમાં આવ્યા અને સતત ૨૨ વર્ષ સુધી આ સભાગૃહના સન્માનીય સભ્ય તરીકે રહી ચૂક્યા છે તે પણ આપણાં સૌ માટે ગૌરવની ક્ષણ છે. અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ ગૃહના સભ્યોનો આભાર સ્વીકાર કરતા કહ્યું હતું કે, લોકશાહી અને સંસદીય પ્રણાલીને વધુ બળવત્તર બનાવવા માટે શાસક-વિપક્ષ તરીકે નહી, પરંતુ શાસક-સાથી પક્ષની ભાવનાથી કાર્ય કરશું. સંવાદ વિવાદમાં ન પરિણમે તે રીતે સંવાદ સાધી પ્રજાના પ્રાણ પ્રશ્નોના વાચા આપવાની જવાબદારી માત્ર અધ્યક્ષની જ નહી પરંતુ ગૃહના તમામ સભ્યોની છે એમ ઉમેર્યુ હતું. આ પ્રસંગે ગૃહમાં સંસદીય અને વૈધાનિક બાબતોના મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ તેમજ ધારાસભ્ય સર્વેશ્રી જીતુભાઇ વાઘાણી, રમણલાલ વોરા, અર્જુનભાઇ મોઢવાડીયા અને શ્રી શૈલેષભાઇ પરમારે નવનિયુકત અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીને અભિનંદાન આપીને તેમણે કરેલા પ્રજાકીય સેવાકાર્યોને બિરદાવીને વિધાનસભાના અધ્યક્ષ તરીકેની વરણી બદલ શુભેચ્છાઓ આપી હતી.

વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીનો પરિચયઃ-

ખેતી અને સમાજસેવા સાથે જોડાયેલા શ્રી શંકરભાઈ લગધીરભાઈ ચૌધરીનો જન્મ ૦૧ જૂન ૧૯૭૦માં પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના વડનગર ગામમાં થયો હતો. તેઓ રાધનપુર બેઠક પરથી ધારાસભ્ય તરીકે ત્રણ વખત, વાવ બેઠક પરથી એક વખત અને ૨૦૨૨ થી થરાદ બેઠક પરથી ચૂંટાયા છે. આ ઉપરાંત ગુજરાત સરકારમાં રાજ્ય કક્ષાના મંત્રી તરીકે જવાબદારીઓ, શેહરી વિકાસ,આરોગ્ય,વાહન વ્યવહાર, પર્યાવરણ જેવા મહત્વના ખાતા સંભાળી ચૂક્યાં છે.

ભારતીય જનતા પાર્ટીમાં પાટણ જિલ્લાના પ્રમુખ તરીકે, પાર્ટીના યુવા મોરચામાં પ્રદેશ અધ્યક્ષ તરીકે, પાર્ટીના કોર ગ્રુપના સભ્ય તરીકે, ૨૦૦૯-૨૦૧૪ માં ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશના મહામંત્રી તરીકે અને પાર્ટીના રાષ્ટ્રીય કારોબારી સભ્ય તરીકેની સંગઠનાત્મક જવાબદારીઓ નિભાવી છે.

અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી સહકારી ક્ષેત્રે અગ્રણી એવી બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ના ચેરમેન તરીકે વર્ષ ૨૦૧૫ થી કાર્યરત છે. ગુજરાત રાજ્ય સહકારી બેંક લિ.ના વાઇસ ચેરમેન તરીકે વર્ષ ૨૦૦૯થી કાર્યરત છે. તેમણે વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૬ સુધી શ્રી બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિમિટેડ, પાલનપુરના ચેરમેન તરીકે સેવા આપી છે તેમજ ગુજરાત રાજ્ય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકમાં ડિરેક્ટર તરીકે સેવા અને ગુજરાત રાજ્ય સહકારી ખાંડ ઉદ્યોગ સંઘ,ગાંધીનગરના ડિરેક્ટર તરીકે કાર્યરત છે.બનાસ ડેરીને એશિયાની સૌથી મોટી ડેરી તરીકે બહુમાન અપાવવાનું ઉમદા અને ઐતિહાસિક કાર્ય તેમણે કર્યું છે. બનાસ ડેરીને ઉત્તર પ્રદેશ, ઓરિસ્સા, ઝારખંડ, રાજસ્થાન, દિલ્હી અને આંધ્રપ્રદેશ જેવા રાજ્યોમાં વિસ્તાર કર્યો છે. બનાસ ડેરીના ચેરમેન તરીકે બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોની માસિક ૨૫૦ કરોડની આવકને વધારી માસિક ૧૦૦૦ કરોડ રૂપિયા સુધી લઈ જવાનું ભગીરથ કાર્ય કર્યું છે. આ સિવાય સહકાર અને લોક ભાગીદારીના માધ્યમથી ગોબરમાંથી ગેસ બનાવવા, મહિલા સશક્તિકરણની દિશામાં અને દૂધ સિવાય મધમાખી પાલનમાં પણ સીમાચિન્હ રૂપ કામગીરી કરી છે.

સામાજિક સેવાના કાર્યોમાં અગ્રેસર રહી તેમણે વિચરતી જ્ઞાતિના ૧૦૦૦ નાગરિકોને જમીન આપી સ્થાયી બનાવી તેમના બાળકો માટે શિક્ષણની વ્યવસ્થા પણ ગોઠવી. તે સાથે ભુકંપ અને પૂરની સ્થિતિમાં યુદ્ધના ધોરણે કામગીરી, મતવિસ્તારના અંતરિયાળ ગામોમાં વિનામૂલ્યે નેત્ર કેમ્પ, રાધનપુર - સાંતલપુરમાં લોકજાગૃતિ કેળવવાનું અભિયાન, વિસ્ફોટકોની હેરાફેરી, ઘૂસણખોરી, વગેરે વિરુદ્ધ જાગૃતિ કેળવી રાષ્ટ્રીય સુરક્ષાનું અભિયાન હાથ ધર્યું છે. શિક્ષણ પ્રવૃત્તિઓમાં કન્યા વિદ્યાલય, કન્યા- કુમાર છાત્રાલય, પી.ટી.સી કોલેજ, મેડિકલ કોલેજ તેમજ સૈનિક શાળાની સ્થાપના પણ કરી છે.

## રાજ્યમાં શાંતિ-સલામતીના અહેસાસ ને પરિણામે જ નાગરિકો એ ભારે બહુમતી સાથે જનાદેશ આપ્યો છે એનો વિશ્વાસ અમે તૂટવા નહીં દઈએ: વૈધાનિક અને સસંદીય બાબતોના મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ

**વિધાનસભા ખાતે રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવની ચર્ચામા સહભાગી થતા મંત્રી શ્રી**



વૈધાનિક અને સસંદીય બાબતોના મંત્રી શ્રી ઋષિકેશ ભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં શાંતિ અને સલામતી નો અનુભવ કરનારી રાજ્યની જનતાએ ભારે બહુમતી સાથે જનાદેશ આપ્યો છે એ વિશ્વાસને અમે તૂટવા નહી દઈએ. રાજ્ય સરકારની છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચાડવાની પ્રજાલક્ષી નીતિઓ થકી રાજ્યમાં હકારાત્મક વાતાવરણ ઊભું થયું છે. આજે વિધાનસભા ખાતે રાજ્યપાલ શ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર શ્રી પૂર્ણશ મોદીએ રજૂ કરેલા પ્રસ્તાવની ચર્ચામાં ભાગ લેતા મંત્રીશ્રી એ રાજય સરકારની પ્રજાલક્ષી નીતિ અને રાજય સરકારે હાથ ધરેલી કામગીરીની વિગતો આપતા કહ્યું હતું કે, લારી-ગલ્લા થકી ગુજરાન ચલાવતાં નાના ઉદ્યમીઓ હોય કે ખેતમજૂરી કરી ગુજરાન ચલાવતા છેવાડાના માણસોના ઉત્થાનની,ગરીબો તથા મહિલા સશક્તિકરણની,યુવાનોને કૌશલ્ય, તાલીમ અને રોજગારી પૂરી પાડવા સહિતની વિવિધ નીતિઓનો રાજ્યની જનતાએ પુનઃસ્વીકાર કર્યો છે. તેમણે આરોગ્ય વિષયક સિદ્ધિઓ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, PMJAY જેવી આરોગ્યની યોજનાઓ ગરીબ અને નિમ્ન આવક ધરાવતા લોકો માટે આશીર્વાદરૂપ બની છે. માંદગીના કારણે દેવાદાર થતા લોકોને સારવાર ખર્ચમાંથી મુક્ત કરવાનું કાર્ય આ યોજનાના માધ્યમથી રાજ્ય સરકારે કર્યું છે. આજે ૧.૬૮ કરોડ લોકો આ યોજનાનો લાભ લઈ રહ્યાં છે.

તાલુકા સ્તરે કિડનીની સારવાર માટે ડાયાલિસિસ માટેના કેન્દ્રો શરૂ કરવામાં આવી રહ્યાં છે. મિશન ઈન્દ્ર ધનુષ યોજના અંતર્ગત ૧૭ જેટલા રોગોની પ્રતિરોધક રસી મફતમાં આપવામાં આવે છે.વર્ષ ૨૦૦૧માં પ્રતિ ૧૦૦૦ દીઠ માતા મૃત્યુદર ૧૭૨ હતો,જે આજે ઘટીને માત્ર ૭૨ રહ્યો છે,એને શૂન્ય કરવા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. મંત્રીશ્રીએ રાજ્યપાલશ્રીના ગૂજરાત વિદ્યાપીઠના સફાઈ અભિયાનની સરાહના કરતાં કહ્યું હતું કે,રાજયપાલ શ્રી ગાંધીજીના આદર્શનું અનુસરણ કરીને સમાજમાં હકારાત્મક ઉદાહરણ પૂરું પાડ્યું છે. વિદ્યાપીઠના પગલે રાજ્યની તમામ શાળા-કોલેજોમાં દર પંદર દિવસે આવું સફાઈ અભિયાન નિયમિત કરવામાં આવે અને પાણીના બચાવ અંગે જાગૃત કેળવવામાં આવે એવી લાગણી વ્યક્ત કરી હતી.

## સુરતમાં કેબલ બ્રીજ પાસે મળ્યુ ત્યજી દીધેલુ નવજાત બાળક, પોલીસની 'શી' ટીમ સારસંભાળ લઇ રહી છે

સુરત,તા.૨૦

સુરત શહેરમાં ફરી એક વાર ત્યજી દેવાયેલુ બાળક મળ્યુ છે. કેબલ બ્રીજ નીચે બે માસનું બાળક ત્યજી દેવાયેલી હાલતમાં મળ્યું છે, સમગ્ર મામલે પોલીસે તપાસ શરુ કરી છે. રાહદારીની નજર બાળક પર પડતા પોલીસને જાણ કરી હતી. અડાજણ પોલીસના પીઆઇ અને ડીસીપી તાત્કાલિક ઘટના સ્થળે આવી બાળકને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડ્યું છે. તો બીજી તરફ આ સમગ્ર મામલે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

થોડા દિવસ પહેલા સુરતના મગદલ્લામાં નવજાતને બિલ્ડીંગ પરથી ફેકી દેવાની ઘટના સમી નથી. ત્યાં વધુ એક બાળકને ત્યજી દેવાની ઘટના સુરત શહેરમાં સામે આવી છે. સુરતના અડાજણ અને પાર્લે પોઈન્ટને જોડતા કેબલ બ્રીજ પર એક બાળક ત્યજી દેવાયેલી હાલતમાં મળી આવ્યું હતું. અહીંથી રાહદારીઓ પસાર થતા લોકોની નજર ફૂલ જેવા માસુમ બાળક પર પડી હતી. લોકોએ તાત્કાલિક બનાવની જાણ પોલીસને કરી હતી.જેથી અડાજણ પોલીસના પીઆઇ અને અડાજણની 'શી' ટીમ સાથે પહોંચ્યા હતા અને ઉચ્ચ અધિકારીઓ કે ડીસીપી હર્ષદ મહેતા પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પોલીસે તાત્કાલિક બાળકને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડ્યું છે. જ્યાં બાળકની સારવાર ચાલી રહી છે.નવજાત બાળકને આ રીતે મૂકીને જતા રહેલા માતા પિતાને શોધવાનું શરૂ કરાયું છે. પોલીસ દ્વારા આસપાસના વિસ્તારમાં લાગેલા સીસીટીવી તપાસવાનું શરૂ કરાયું છે. જેના આધારે નવજાત બાળકને કોણ અને ક્યારે મૂકી ગયું છે તેની માહિતી મળી શકે.ઉલ્લેખનીય છે કે બે માસના ફૂલ જેવા માસુમ બાળકને ત્યજી દેવાની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી હતી. માસુમ બાળકને ત્યજી દેનારા સામે લોકોએ ફિટકાર વરસાવી હતી. આ સમગ્ર મામલે અડાજણ પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

હાલ કંટ્રોલરૂમમાં ફોન આવ્યા બાદ બાળકને સિવિલ હોસ્પિટલમાં સી ટીમ દ્વારા લઈ જવામાં આવ્યું છે. સી ટીમની સભ્ય મમતા મકવાણા નવજાત બાળકનું ધ્યાન રાખી રહી છે.

## દિલ્હી ખાતે રાજપૂત સમાજ ના લોકો માટે બિઝનેસ સેમિનાર યોજાયો





દિલ્હી કેશ્વપૂર્મ મહારાણા પ્રતાપ ભવન ખાતે રાજપૂત સમાજ ના લોકો માટે બિઝનેસ સેમિનાર યોજાયો જેમા ગુજરાત માથી રાજપૂત વેપાર વિકાસ મંડળ ના સભ્યો તેમજ યુપી .બિહાર. જમ્મુ કાશ્મીર. પંજાબ લદાખ ના રાજપૂત સમાજ ના ૩૦૦ થી વધુ લોકો એ ભાગ લીધો હતો જેમા રાજપૂત વ્યાપાર જગત ના લોકો વેપાર ધંધા ના વિક્સ બાબતે નવા વિચારો આઇડિયા તેમજ વ્યાપારિક સંબંધો મજબૂત બને તે અનુલક્ષી ને વિસ્તૃત વિચાર વિમર્શ કરવામા આવ્યો આ સેમિનાર મા ગુજરાત માથી હોટલ .એગ્રો .ડિફેન્સ બેવરજીસ .ફાઇનાન્સ ના વેપાર ના લોકો યુવાનો દ્વારા ત્રણ દિવસ ના સેમિનાર વ્યાપારિક સંબંધો સ્થાપિત થાય તેમજ સમાજ ના લોકો સંગઠીત થાય વેપાર નો વિકાસ થાય એ માટે સૌ સંમતિ દર્શાવી હતી આ સેમિનાર મા ગુજરાત ના રાજપૂત વિકાસ મંડળ ના શ્રી વિરલ સિંહ રાઓલ પ્રતિનિધિત્વ ક્યુ હતુ.

## ૧૫મી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે સર્વાનૂમતે પસંદ થયેલા શ્રી શંકરભાઇ ચૌધરીને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અભિનંદન પાઠવ્યા

**લોકશાહીના મંદિરની ઉજ્જ્વળ પરંપરાઓ જાળવી રાખવામાં નવનિયુકત અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન નિરંતર મળતું રહેશેઃ -મુખ્યમંત્રીશ્રી**

૧૫મી ગુજરાત વિધાનસભાના નવનિયુકત અધ્યક્ષ તરીકે શ્રી શંકરભાઇ ચૌધરીની સર્વાનૂમતે વરણી કરવામાં આવી છે .

વિધાનસભા ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અધ્યક્ષ તરીકે વરણી માટે શ્રી શંકરભાઇ ચૌધરીના નામના રજૂ કરેલા પ્રસ્તાવને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલે સમર્થન આપ્યું હતું. સમગ્ર વિધાનગૃહે આ પ્રસ્તાવને ટેકો આપતાં ૧૫મી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે શ્રી શંકરભાઇ ચૌધરીની વરણી કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે નવા વરાયેલા અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીને અધ્યક્ષ પદનો કાર્યભાર સંભાળવા માટે અભિનંદન પાઠવ્યા હતા .

ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રીએ નવનિયુકત તેમણે લોકશાહીના આ મંદિરમાં ઉજ્જ્વળ પરંપરાઓને જાળવી રાખવા તેમજ પૂર્વ અધ્યક્ષશ્રીઓએ કરેલા નિર્ણયોને જીવંત રાખી સભાગૃહના સૌ સભ્યોના સહિયારા પ્રયાસમાં નવનિયુકત અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન સતત મળતું રહેશે તેવી અપેક્ષા દર્શાવી હતી .

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શ્રી શંકરભાઇ ચૌધરીની અધ્યક્ષ તરીકેની કામગીરીથી ૧૫મી ગુજરાત અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીએ બનાસડેરી સહિત બહુવિધ સહકારી ક્ષેત્ર તેમજ ગરીબ, વંચિત, લોકોના આવાસ, આરોગ્ય, શિક્ષણ, આજીવીકા માટે આપેલા મહત્વપૂર્ણ પ્રદાનની પ્રસંશા કરી હતી .

વિધાનસભાનો પાંચ વર્ષનો કાર્યકાળ સંસદીય પ્રણાલિકાઓના સંવર્ધન માટેનો સુવર્ણકાળ બની રહેશે, તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો . મુખ્યમંત્રીશ્રીએ આ તકે ૧૫મી વિધાનસભાના સૌ નવનિર્વાચીત સભ્યોને પણ આવકારીને અભિનંદન પાઠવ્યા હતા .

## એનીમલ હેલ્પલાઈનનાં મિત્તલ ખેતાણી દ્વારા ૧૪ ફેબ્રુઆરી(વેલન્ટાઇન-ડે)નાં દિવસને 'કાઉ હગ ડે' તરીકે ઉજવવા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને વિનંતી કરવામાં આવી

**આર્ય સંસ્કૃતિની ધરોહર સમી ગાયને હગ કરવાથી સાત્વિક ઉર્જા, માનસિક શાંતિ મળે છે**



કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈન – રાજકોટનાં મિત્તલ ખેતાણી દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને ૧૪ ફેબ્રુઆરી(વેલન્ટાઇન-ડે)નાં દિવસને 'કાઉ હગ ડે' તરીકે ઉજવવા વિનંતી કરવામાં આવી છે. પશ્ચિમનાં આંધળા અનુકરણમાં આપણે દેશની આર્ય સંસ્કૃતિને ભૂલીને 'વેલન્ટાઇન ડે' જેવા ગતકડાઓમાં ફસાઈ, આપણું સ્વત્વ ગુમાવી રહ્યા છીએ. જયારે એનાથી ઉલટું યુરોપ/અમેરિકામાં લોકો 'ગાય'માંથી "પોઝીટીવ એનર્જી મેળવવા માટે "ર્જુ ઉૅંક્ષ" માટે અંદાજે રૂપિયા ૫૫૦૦/- જેટલી ફી ચુકવે છે. તેઓ 'કાઉ હગ' દ્વારા રીચાર્જ થવા માટે એટલાં ફાફા મારે છે જયારે આપણી પાસે તો આર્ય સંસ્કૃતિની ધરોહર સમી ગાય છે કે જે કોરોનાનાં સંકટકાળમાં પણ સંકટ મોચક ઔષધ સાબિત થઈ હતી. કાઉને હગ કરવાથી શરીરને સાત્વિક ઉર્જા મળે છે, માનસિક શાંતિ મળે છે, જેથી સ્વાસ્થ્ય અને પ્રસન્નતા વધે છે.


ગૌમાતાનું ધાર્મિકની સાથે સાથે વૈજ્ઞાનીક, આર્થિક, સામાજીક, સાંસ્કૃતિક, તબીબી, આરોગ્ય મુલ્ય પણ આપણે સૌએ સમજવું જોઈએ.

પશ્ચિમી સંસ્કૃતિનાં આંધળા વહેણમાં ફસાતી આપણી ભાવી પેઢીના યુવાઓને ગૌ-સંસ્કૃતિ તરફ વાળવા અને ગાયના ઔષધિય લાભો તરફ પ્રેરીત કરવાનાં ઉમદા આશય સાથે 'વેલન્ટાઈન ડે' ને "કાઉ હગીંગ ડે"નાં અનોખા કન્સેપ્ટ સાથે ઉજવણી કરવા વિનંતી કરવામાં આવી છે.

જેથી યુવા પેઢીને ગૌ માતાનું મહત્વ સમજાય અને આપણી ગૌ સંસ્કૃતિ જળવાઈ રહે તેમજ સૌ ગૌમાતાનાં આશીર્વાદથી પોતાના ક્ષેત્રમાં તન, મન, ધનથી આગળ વધી શકે.

જેવી રીતે બીજા બધા દિવસો ઉજવાય છે તેમ જ 'કાઉ હગ ડે' ઉજવાશે તો ભારતનાં લોકો પોતાની પ્રાચીન સંસ્કૃતિ સાથે ફરીથી પરિચિત થશે અને સમાજમાં ગાયને પોતાનું ખોવાયેલું સ્થાન પ્રાપ્ત થશે.

## રાજકોટ સિવિલ હોસ્પિટલ બની અંધેર નગરી, થેલેસેમિયાગ્રસ્ત યુવતીને ખોટું લોહી ચઢાવતા મોત થયું



રાજકોટ,તા.૨૦

રાજકોટ સિવિલ હોસ્પિટલ થેલેસેમિક બાળકો માટે રીએકશન સેન્ટર બન્યું છે. રાજકોટ સિવિલ હોસ્પિટલનું તંત્ર અંધેર નગરી જેવુ બન્યું છે. તબીબોએ એક એવી ભૂલ કરી જેમાં એક નિર્દોષનું મોત થયું છે. વહેલી સવારે વિધિ પરમાર નામની યુવતીને બ્લડ ચડાવવા દરમિયાન એલઆર ના બદલે આરસીસી લોહી ચડાવતા રીએકશન આવતા તેનું મોત થયું છે. લોહી ચડાવવા દરમિયાન પરિવારજનોને ખૂબ જ હેરાન કરવામાં આવ્યા હતા. ત્યારે લોહી ચડાવ્યા બાદ યુવતીને રિએક્શન આવતા તેનું મૃત્યુ નિપજ્યું છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલ થેલેસેમિક બાળકો માટે રિએક્શન સેન્ટર બન્યું છે. રાજકોટ સિવિલમાં ફિલ્ટર કરેલા એલઆર બ્લડને બદલે દર્દીઓને આરસીસી બ્લડ ચડાવાઈ રહ્યું છે. આરસીસી બ્લડ ચડવવાને કારણે દર્દીઓમાં રિએક્શનનું પ્રમાણ વધ્યું છે. ત્યારે સોમવારે વહેલી સવારે વિધિ પરમાર નામની યુવતીને બ્લડ ચડાવવા દરમિયાન એલઆરના બદલે આરસીસી લોહી ચડાવતા રીએકશન આવ્યુ હતું. એટલુ જ નહિ, લોહી ચઢાવવા દરમિયાન દર્દીના પરિવારજનોને ખુબ જ હેરાન કરવામાં આવ્યા હતા. ત્યારે લોહી ચડાવવા દરમિયાન યુવતીને રીએકશન આવતા તેનું મૃત્યુ નિપજ્યું છે. યુવતીના પિતાએ આ અંગે કહ્યું કે, અમને હોસ્પિટલમાંથી ૩ બોટલ લોહી આપ્યુ હતું, જે અમે ચઢાવ્યુ હતું. તેના બાદ વિધિના શરીર પર ચકામા પડ્યા હતા. પહેલા તો અમને આ વાત સામાન્ય લાગી હતી. પરંતુ સાંજ સુધીમાં તેના શરીર પર ચાંદા પડવા લાગ્યા. ડોક્ટરે કહ્યુ કે આ રિએક્શન છે. અમે આટલા સમયથી લોહી ચઢાવતા હતા, પરંતું દીકરીને આટલી હદે ક્યારેય રિએક્શન આવ્યુ ન હતું. બે ત્રણ દિવસથી બ્લડ ચડાવાતુ હતું, તો ઘણા પેશન્ટ્સને આવો પ્રોબ્લમ આવતો હતો કે રિએક્શન આવે છે. તો યુવતીની માતાએ દીકરી ગુમાવતા રડતા અવાજે કહ્યું કે, મારી દીકરીને લોહી ચઢાવ્યુ હતું, જેના બાદ તેને શરીરે સોજા આવ્યા હતા. આ હોસ્પિટલની બેદરકારી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.